# પ્રાચીન સ્તવનાવલી

## શ્રી સંભવનાથ ભગવાન



૩



# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## 3

## શ્રી સંભવનાથ ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ-૩૮૦૦૦૯

પ્રત : ૧૦૦૦ મુલ્ય : શ્રદ્ધા ભક્તિ

# કિંચિદ્ કથન

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા સાથે એકાકાર થવાનું અમોઘ સાધન છે... માણસ એકલો એકલો બોલે તો કોઈક ગાંડો ગણે પણ જો એકલો એકલો ગાતો હોય તો મસ્તીમાં મસ્ત કહેવાય... શાસ્ત્રીય રાગ અને પ્રાચીનકૃતિઓ બે વસ્તુનો મેળાપ ભક્તને પરમાત્મભક્તિમાં રસતરબોળ કરી દે છે... "ભક્તિરસઝરણા" પુસ્તકમાંથી જુદા જુદા પૂર્વ પૂજ્યોના સ્તવનોનો સંગ્રહ શ્રી સંઘના સદુપયોગ અર્થે, પરમાત્મભક્તિ માટે પ્રકાશિત કરતાં અનેરો આનંદ અનુભવું છું આ નિમિત્તે પરમાત્મા મારા હૃદયમાં વસે અને પરભવમાં મને વહેલા મળે...

પં.નંદીભૂષણવિજયજી મ.

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સત્તમ ગેવિજ ચવન છે | શ્રી વીરવિજયજી | ૧ |
| સત્તમ ગ્રૈવેયકથકી | શ્રી જ્ઞાનવિમલજી | ૧ |
| સાવત્થી નયરી ધણી | શ્રી પદ્મવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| હાં રે હું તો મોહયો રે લાલ | | ૨ |
| સંભવદેવ તે ધુર સેવો સવે રે | શ્રી આનંદઘનજી | ૩. |
| સંભવ જિનવર વિનતી | શ્રી યશોવિજયજી | ૪ |
| સેનાનંદન સાહિબ સાચો રે | શ્રી યશોવિજયજી | ૫ |
| માતા સેના જેહની | શ્રી યશોવિજયજી | ૫ |
| ત્રીજા સંભવજિનની સુખદાયી | શ્રી ભાણવિજયજી | ૬ |
| જી હો ! સુંદર નામ સોહામણો | શ્રી આણંદવર્ધનજી | ૭ |
| સંભવજિન! સંભવ સમતા તણો રે | શ્રી લક્ષ્મવિમલજી | ૭ |
| સાંભળ ! સાહિબ ! વિનતિ | શ્રી માનવિજયજી | ૮ |
| સંભવ-જિનવર ! ખૂબ બન્યો રે | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૯ |
| જયો સંભવ શંભુ ત્રીજો | શ્રી ભાવવિજયજી | ૧૦ |

| સ્તવન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| સેના-નંદન નંદનવન જિશ્યો | શ્રી વિનયવિજયજી | ૧૦ |
| સાહિબ સેવિયે હો | શ્રી હરખચંદજી | ૧૧ |
| શ્રી સંભવજિનરાય કે | શ્રી નયવિજયજી | ૧૧ |
| સંભવ ! સાંભળી મુજ વાત | શ્રી ઋષભસાગરજી | ૧૩ |
| દીન-દયાકર દેવ, સંભવનાથ | શ્રી ઉદયરત્નજી | ૧૫ |
| સંભવ ભવ-ભયભંજણો રે | શ્રી જિનવિજયજી | ૧૬ |
| સુખકારક હો શ્રીસંભવનાથ | શ્રી જિનવિજયજી | ૧૭ |
| સેવો સંભવનાથ જુગતે | શ્રી હંસરત્નજી | ૧૮ |
| સમકિતદાતા સમકિત આપો | શ્રી મોહનવિજયજી | ૧૯ |
| મુજરો લ્યોને માહરો | શ્રી રામવિજયજી | ૨૦ |
| મુને સંભવ જિનશ્યું પ્રીત | શ્રી રામવિજયજી | ૨૦ |
| હાં રે ! પ્રભુ ! સંભવસ્વામી | શ્રી કાંતિવિજયજી | ૨૧ |
| સંભવજિન મનમંદિર તેડી | શ્રી ન્યાયસાગરજી | ૨૨ |
| સંભવ-જિનવર શિવસુખ દાતા રે | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| સંભવજિનવર સુખકરૂ, સાગર | શ્રી પદ્મવિજયજી | ૨૪ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ક્યું જાનું ક્યું બની આવહિ | શ્રી પદ્મવિજયજી | ૨૪ |
| નિરૂપાધિકતા તાહરે રે | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૫ |
| સંભવજિન ! અવધારીયે | શ્રી કીર્તિવિમલજી | ૨૭ |
| સંભવ-જિનવર સ્વામીજી | શ્રી દાનવિમલજી | ૨૭ |
| વંદો ભવિકા સંભવનાથ | શ્રી વિનીતવિજયજી | ૨૮ |
| લાગી મોરી પ્રીત | શ્રી અમૃતવિજયજી | ૨૯ |
| સંભવ જિનવર ત્રીજો દેવ | શ્રી પ્રમોદસાગરજી | ૨૯ |
| શ્રીસંભવજિનદેવની સેવના | શ્રી ભાણચંદ્રજી | ૩૦ |
| શ્રીસંભવ ભવ-ભયહરૂ રે | શ્રી ખુશાલમુનિજી | ૩૧ |
| સંભવસ્વામી રે સ્વામી જગધણી | શ્રી ચતુરવિજયજી | ૩૧ |
| શ્રી સંભવ જિનરાજજી રે | શ્રી દેવચંદ્રજી | ૩૨ |
| સુગુણ સનેહી ! સાંભળ વિનતિ રે | શ્રી જીવણવિજયજી | ૩૩ |
| સંભવ ! ભવ-દુઃખ-વારણ તારણ | શ્રી દાનવિજયજી | ૩૪ |
| ભવતારણ સંભવ પ્રભુ ! | શ્રી મેઘવિજયજી | ૩૫ |
| સેવો સંભવ-જિન ! સુખકારી | શ્રી કેસરવિમલજી | ૩૬ |
| સંભવજિન ! તુમ્હસ્યું લય લાગી | શ્રી કનકવિજયજી | ૩૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સંભવ-સાહિબ મારો, હું | શ્રી રૂચિરવિમલજી | ૩૭ |
| સંભવ-જિનસ્યું ચિત્ત વસ્યું | શ્રી ભાવપ્રભસૂરિ | ૩૮ |
| સંભવ-જિન અવધારીઇં | શ્રી કીર્તિવિમલજી | ૩૮ |
| સંભવ જિનવર સાહિબ સાચો | શ્રી રતનવિજયજી | ૩૯ |
| સંભવનાથ સોહામણા રે | શ્રી માણેકમુનિ | ૪૦ |
| સુવિહિત કારી રે | શ્રી દીપવિજયજી | ૪૧ |
| સાવત્થી રે નગરી | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૨ |
| સંભવ સુખકર ત્રીજા દેવ | શ્રી સ્વરૂપચંદજી | ૪૪ |
| સાહિબ ! સાંભળો રે ! | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૪૫ |
| સાર જગ શ્રીજિનનામ | શ્રી ગુણવિલાસજી | ૪૭ |
| સકલ સુરાસુર-સંકર, કિંકર | શ્રી જગજીવનજી | ૪૭ |
| અબ મોહે આપણો પદ દીજે | શ્રી જિનહર્ષજી | ૪૯ |
| સંભવ જિન જબ નયન | શ્રી નયવિજયજી | ૪૯ |
| હાં રે ! પ્રભુ ! સંભવસ્વામી | શ્રી કાંતિવિજયજી | ૫૦ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| સંભવ સુખદાતા, જેહ | શ્રી પદ્મવિજયજી | ૫૨ |
| સંભવ સ્વામી સેવીએ | શ્રી વીરવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તારીકરણેણં, પાયચ્છિત્તાકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈં ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં
કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વઃ
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી સંભવનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

સત્તમ ગ્રૈવેજ ચવન છે, જનમ્યા મૃગશિર માંહિ;
દેવ ગણે સંભવજિના, નમિએ નિત્ય ઉચ્છાંહિ....॥૧॥

સાવથ્થિપુરી રાજિયો, મિથુનરાશિ સુખકાર;
પન્નગ યોનિ પામીયા, યોનિ નિવારણહાર....॥૨॥

ચૌદ વરસ છદ્મસ્થમાંએ, નાણ શાલ તરૂ સાર;
સહસ વ્રતીશું શિવ વર્યા, **વીર** જગત આધાર....॥૩॥

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

સત્તમ ગ્રૈવેયકથકી, ચવીયા શ્રી સંભવ;
ફાલ્ગુણ સુદિ આઠમ દિને, સુદિ ચૌદશ અભિનવ...॥૧॥

માગશીર માસે જનમીયા, તિણિ પુનમ સંજમ;
કાર્તિક વદિ પાંચમ દિને, લહે કેવલ નિરૂપમ...॥૨॥

પંચમી ચૈત્રની ઉજલીએ, શિવ પહોતા જિનરાજ;
**જ્ઞાનવિમલ** પ્રભુ પ્રણમતાં, સિઝે સઘલાં કાજ...॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારિ નૃપ નંદનો, ચલવે શિવસાથ.......૧
સેના નંદન ચંદને, પૂજો નવ અંગે;
ચારસેં ધનુષનું દેહ માન, પ્રણમો મનરંગે.......૨
સાઠ લાખ પૂરવતણું એ, જિનવર ઉત્તમ આય;
તુરગ લંછન પદ **પદ્મને**, નમતાં શિવ સુખ થાય.......૩

## શ્રી સંભવનાથ ભગવાનનાં સ્તવન

(હાં રે હું તો મોહયો રે લાલ)

**હાં રે હું તો મોહયો રે લાલ, જિન મુખડાને મટકે;**
જિન મુખડાને મટકે, વારી જાઉં પ્રભુ મુખડાને મટકે.હાંરે..૧

નયન રસીલાંને વયણ-સુખાળાં, ચિત્તડું લીધું હરી ચટકે;
પ્રભુજીની સાથે ભક્તિ કરતા, કર્મ તણી કસ તટકે.હાંરે..૨

મુજ મન લોભી ભ્રમર તણી પેરે, પ્રભુ પદ કમળે અટકે;
રત્નચિંતામણી મૂકી રાચે, કહો કુણ કાચને કટકે.હાંરે..૩

એ જિન ધ્યાને ક્રોધાદિક જે, આસપાસથી અટકે;
કેવલનાણી બહુસુખદાણી, કુમતિ કુગતિને પટકે.હાંરે..૪

એ જિનને જે દિલમાં ન આણે, તે તો ભૂલા ભટકે;
પ્રભુજીની સાથે ઓળખ કરતા, વાંછિત સુખડા સટકે.હાંરે..૫
મૂર્તિ શ્રી સંભવ જિનેશ્વર કેરી, જોતાં હૈયડું હરખે;
નિત્યલાભ કહે પ્રભુ કીર્તિ મોટી, ગુણ ગાઉં હું લટકે.હાંરે..૬

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

(રાગ-રામગિરિ, રાતલડી રમીને કિહાંથી આવીયા રે?—એ દેશી)

સંભવદેવ તે ધુર[૧] સેવો સવે રે, લહી પ્રભુ-સેવન-ભેદ ।
સેવન-કારણ પહેલી ભૂમિકા રે,[૨] અ-ભય[૩] અ-દ્વેષ અ-ખેદ—સં૦ ॥૧॥
ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અ-રોચક-ભાવ ।
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયે રે, દોષ અ-બોધ[૪] લખાવ—સં૦ ॥૨॥
ચરમાવર્તે[૫] હો ચરમ[૬] કરણ તથા રે, ભવ-પરિણતિ[૭]-પરિપાક ।
દોષ ટળે વળી દૃષ્ટિ ખીલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન[૮]-વાક્—સં૦ ॥૩॥
પરિચય પાતિક[૯]-ઘાતક સાધુશું રે, અ-કુશળ-અપચય[૧૦] ચેત ।
ગ્રંથ અધ્યાતમ શ્રવણ-મનન કરી રે, પરિશીલન નય-હેત[૧૧]—સં૦ ॥૪॥
"કારણ-જોગેં હો કારજ નીપજે રે," એહમાં કોઈ ન વાદ ।
પણ કારણ વિણ કારજ સાધીયે રે, એ નિજ-મત-ઉન્માદ[૧૨]—સં૦ ॥૫॥
મુગ્ધ[૧૩] "સુગમ[૧૪] કરી" સેવન આદરે રે, સેવન અ-ગમ[૧૫] અનૂપ[૧૬] ।
દેજો કદાચિત સેવક-યાચના રે, **આનંદઘન** રસ-રૂપ—સં૦ ॥૬॥

૧. પહેલાં ૨. પાયો ૩. ભય-દ્વેષ અને ખેદ રહિત ૪. અજ્ઞાન-મિથ્યાત્વ ૫. છેલ્લો પુદ્ગલપરાવર્ત્ત ૬. છેલ્લું યથાપ્રવૃત્તિકરણ ૭. ભવસ્થિતિ=તથાભવ્યત્વનો પાક ૮. જૈન સિદ્ધાંતોનાં વચનો ૯. પાપને નાશ કરનાર ૧૦. ખરાબ વિચારોનો ઘટાડો ૧૧. નયવાદ અને હેતુવાદનું ૧૨. દીવાનાપણું-હઠ-કદાગ્રહનું પકડવું ૧૩. ભોળા ૧૪. સરળ ૧૫.સમજી, ન સમજાય તેવી ૧૬. અપૂર્વ-અદ્ભુત

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

### (મન મધુકર મોહી રહ્યો—એ દેશી)

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ-જ્ઞાતા રે
ખામી નહિ મુજ ખિજમતે[1] કદીય હોશ્યો ફળ-દાતા રે —સંભવ૦(૧)
કર જોડી ઊભો રહું, રાતિ-દિવસ તુમ ધ્યાને રે!
જો મનમાં આણો નહીં, તો શું કહિયે થાને રે—સંભવ૦(૨)
ખોટ ખજાને કો નહીં, દીજે વંછિત દાનો રે
કરુણા-નિજરે પ્રભુતણી, વાધે સેવક[3]-વાનો રે—સંભવ૦(૩)
કાળ[4]-લબ્ધિ નહી મતિ ગણો, ભાવ-લબ્ધિ તુજ હાથ રે
લડથડતું[5] પણ ગજ-બચ્ચું, ગાજે ગજવર-સાથે રે—સંભવ૦(૪)
દેશ્યો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચું રે
વાચક **જશ** કહે સાંઈશું, ફળશે એ મન (મુજ) સાચું રે —સંભવ૦(૫)

૧. સેવામાં ૨. છાને=એકાંતમાં અર્થાત્ આટલા રાત-દિવસ તમારા ધ્યાનમાં ઉભા રહેવા છતાં પણ જો તમે મનમાં ન આણો તો એકાંતમાં બોલાવી તમને શું સમજાવવું ? અહીં, થાને રે, આવો પણ પાઠ જૂની પ્રતોમાં મળે છે. તો તે મારવાડી ભાષાના આધારે 'તમને એવો અર્થ કરી તમને શું કહેવું ?' એમ અર્થસંગતિ થઈ શકે ૩. સેવકનો ઉમંગ ૪. ભવિતવ્યતાના પરિપાકે અમુક વિવક્ષિત કાળનો પરિપાક થયે છતે-તે ક્ષાયોપશમિક-ભાવની પ્રાપ્તિ ૫. અંતરંગ જ્ઞાનાદિ ગુણોની ક્ષાયોપશમિક અવસ્થા ૬. વયરૂપી કાળની દૃષ્ટિએ નાનું હોવાથી ચાલવામાં લથડીયાં ખાતું.

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

સેનાનંદન સાહિબ સાચો રે, પરિપરિ પરખ્યો હીરો જાચો રે
પ્રીતિ[2]-મુદ્રિકા તેહશ્યું જોડિ રે, જાણું મેં લહી કંચનકોડી રે
—સોના૦(૧)
જેણે ચતુરશ્યું ગોઠિ[2] ન બાંધી રે, તિણે તો જાણ્યું ફોકટ-વાધી રે
સુગુણ[3] મેલાવે જેહ ઉછાહો રે, જાણુએ-જનમનો તેહ જ લાહો રે
—સોના૦(૨)
સુગુણ-શિરોમણિ સંભવસ્વામી રે, નેહ-નિવાહ ધુરંધર પામી રે
વાચક **જશ** કહે મુજ દિન વળિયો રે, મનનો મનોરથ સઘળો ફળિયો રે
—સોના૦(૩)

૧. વિવિધ રીતે ૨. પ્રેમનો સંબંધ ૩. સોબત ૪. ગુણવાન જનોની સોબતે

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

**(મહાવિદેહ ખેત્ર સોહામણું - એ દેશી)**

માતા સેના જેહની, તાત જિતારિ ઉદાર-લાલ રે,
હેમ[1] વરણ હય-લંછનો, સાવથ્થી શિણગાર-લાલ રે
સંભવ ભવ - ભય - ભંજણો૦
સહસ પુરુષ શું વ્રત લિયેં, ચ્યારસેં ધનુષ તનુ[2] માન- લાલ રે—સંભવ૦(૧)
સાઠ લાખ પૂરવ ધરેં, આઉખું સુ-ગુણ-નિધાન-લાલ રે,
દોઈ લાખ મુનિવર ભલા, પ્રભુજીનો પરિવાર-લાલ રે;
ત્રણ લાખ વર સંયતી[3], ઉપર છત્રીશ હજાર-લાલ રે—સંભવ૦(૨)

સમેતશિખર શિવપદ[4] લહ્યું, તિહાં કરે મહોછવ દેવ-લાલ રે,
દુરિતારી શાસન-સુરી, ત્રિમુખ યક્ષ કરે સેવ-લાલ રે—સંભવ૦(૩)
તું માતા ! તું મુજ પિતા ! તું બંધવ ! ત્રિણ કાળ-લાલ રે,
**શ્રીનયવિજય** વિબુધ તણો, શીશ કહે દુઃખ ટાળ-લાલ રે—સંભવ૦(૪)

૧. કંચનવર્ણ ૨. શરીર ૩. સાધ્વી ૪. મોક્ષપદ

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (આસણરા યોગી-એ દેશી)

ત્રીજા સંભવજિનની સુખદાયી, પૂરવ પુણ્યે સેવા પાયી રે —સાહિબ સોભાગી
ક્ષણ[1] ઉત્તમને પરસંગે, લહતાં સુખ હોએ અંગે રે—સાહિબ૦(૧)
તો તુમ્હ જેવાની જે સેવા, તેહનું શું કહેવું દેવા ! રે, સાહિબ૦
ત્રિભુવનતારક ! તુજને મેં દીઠો, અમૃતથી લાગ્યો મીઠો રે—સાહિબ૦ (૨)
તુમ ચરણે મુજ મનડું બાંધ્યું, વળી ભક્તિગુણે[2] કરી સાંધ્યું રે—સાહિબ૦
હરિ-હર દીસ્યું ચિત્ત ન રાખું, એક તુમ્હ સેવામૃત ચાખું રે—સાહિબ૦ (૩)
હેજ[3] ધરીને સેવક સાહમું, જુઓ એ બગશીસ[4] પામું રે,—સાહિબ૦
ઓળગડી[5] એ સાહિબ ! મ્હારી, ચિત્ત ધરજ્યો જગ-હિતકારી રે—સાહિબ૦ (૪)
ઘણું ઘણું તુમને શું કહીએ ! સેવકને સંગે[6] વહીએ[7] રે —સાહિબ૦
પંડિત પ્રેમવિજય સુપસાયા, **ભાણવિજય** નમે તુમ્હ પાયા રે —સાહિબ૦ (૫)

૧. ઉત્તમ પુરુષ સાથેના એક ક્ષણના પ્રસંગ=સહવાસથી ૨. ભક્તિરૂપ દોરાથી ૩. અંતરનો સ્નેહ ૪. બક્ષિસ=ઈનામ ૫. સેવા ૬-૭. સાથે રાખી નભાવશો.

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

(જી હો અવધિ પ્રયુંજીનિ-એ ઢાલ, રાગ-મલ્હાર)

જી હો ! સુંદર નામ સોહામણો, સખિ ! સંભવનાથ જિણંદ;
જી હો ! અંગે ઉલટ[1] અતિ ઘણો, સખિ ! સુણતાં હુએ આણંદ
વાલ્હેસર ! મુજરો[2] છે જિનરાય!....(૧)
જી હો ! સહિજે શીતલ ચંદલો, મીઠો અમિય રસાળ.
જી હો ! સેના કેરો નંદલો, દીઠો પરમ-દયાળ-વાલ્હેસર૦....(૨)
જી હો ! જિમ જિમ સનમુખ નિરખિયે, સખિ ! નયણાં નિરમલ થાય.
જી હો ! સંભવ નામે હરખિયે, સખિ ! આણંદ અંગ ન માય –વાલ્હેસર૦....(૩)

૧. હરખ-ઉમંગ ૨. પ્રણામ

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

(ઋષભજિનેસર પ્રીતમ મારો રે-એ દેશી)

સંભવજિન! [1]સંભવ સમતા તણો રે, સકળ ભવિકને જાણ
પ્રભુ દેખીને દ્વેષ જ ઉપજે રે, તે મિથ્યાત[2]-અયાણ[3]-સંભવ૦(૧)

વિષય[4] વિરૂપ-વિપાક જ છંડીયે રે, ધરીયે સહજ-સભાવ-સંભવ૦....
પર-પરિણતિ[5] તે સવિ દૂરે તજે રે, ઉલ્લસે આતમ[6]-ભાવ-સંભવ૦(૨)

કરુણા મૈત્રી માધ્યસ્થ્ય મુદિતા રે, ભાવન-વાસિત સાર;
ચરણ-કરણધારા તે આચરે રે, ઉપશમ-રસ જલધાર –સંભવ૦(૩)

શ્લાઘા-નિંદા એ દોએ સમ ગણે રે, નહીં મન રાગ ને રોષ;
પ્રભુ[૭]-ગુણ પ્રભુતાને તે અનુભવે રે, હોયેં ભાવનો પોષ—સંભવ૦(૪)
અનુક્રમે કેવલનાણ ભજે ભજે રે, સુખ-સંભવ-સમુદાય;
**કીરતિવિમલ** પ્રભુને ચરણે રહે રે, શિવલચ્છી ઘર થાય —સંભવ૦(૫)

૧. ઉત્પત્તિ ૨. મિથ્યાત્વી ૩. અજ્ઞાની ૪. વિષયોના અનિષ્ટ પરિણામને ૫. પુદ્ગલભાવની પરિણતિ ૬. આત્મ સ્વરૂપ ૭. પ્રભુના ગુણની પ્રભુતાને

## કર્તા : ઉપા શ્રી માનવિજયજી મ.

### (સુમતિ સદા દિલમેં ધરું-એ દેશી)

સાંભળ ! સાહિબ ! વિનતિ, તું છે ચતુર-સુજાણ-સનેહી
કીધી સુ[૧]-જાણને વિનતિ, પ્રાયે ચઢે તે પ્રમાણ[૨]-સનેહી,
સંભવ-જિન ! અવધારીયેં, મહિર કરી મેહેરબાન-સનેહી !
ભવ[૩]-ભય-ભાવઠ-ભંજણો, ભગતિ-વત્સલ ભગવાન-સનેહી ! -સંભવ૦(૨)
તું જાણે પિણ વિનવું, તોહે[૪] મેં[૫] ન રહાય-સનેહી૦
અરથી હોએ ઉતાવળો, ક્ષણ વરસાં સો થાય-સનેહી ! સંભવ૦(૩)
તું તો મોટિમમાં[૬] રહે, વિનવિયેં પણ વિલંબાય-સનેહી !
એક ધીરો એક ઉતાવળો, ઈમ કિમ કારજ થાય-સનેહી ! સંભવ૦(૪)
મન-માન્યાની વાતડી, સઘળે દીસે નેટ[૭]-સનેહી
એક અંતર[૮] પેસી રહે, એક ન પામે ભેટ[૯]-સનેહી ! સંભવ૦(૫)
જોગ્ય-અજોગ્ય જે જોઈવા, તે અ-પૂરણનું કામ-સનેહી !
ખાઈના જળને પણ કરે, ગંગા-જળ નિજ નામ-સનેહી ! સંભવ૦(૬)

કાળ ગયો બહુ વાયદે, તે તો મેં ન ખમાય-સનેહી !
જોગવાઈ એ ફિરિ ફિરિ, પામવી દુર્લભ થાય-સનેહી ! સંભવ૦(૭)
ભેદ-ભાવ મૂકી પરો[૧૦], મુજશું રમો એકમેક-સનેહી !
**માનવિજય**-વાચક તણી, એ વિનતિ છે છેક-સનેહી ! સંભવ૦(૮)

૧. સમજદારને ૨. સફળ ૩. સંસારના ભયની જંજાળને દૂર કરનાર ૪. તને ૫. મારાથી ૬. મોટાઈમાં ૭. છેવટે ૮. અંદર ૯. મુલાકાત ૧૦. દૂર

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (ક્પૂર હોવે અતિ ઉજલો રે-એ દેશી)

સંભવ-જિનવર ! ખૂબ બન્યો રે, અવિહડ[૧] ધર્મ-સનેહ
દિન-દિન તે વધતો અછેરે, કબહી ન હોવે છેહ[૨]
સોભાગી જિન ! મુજ મન તુંહી સુહાય
એ તો બીજા નાવે દાય[૩] હું તો લળી-લળી[૪] લાગું પાય–સોભાગી૦(૧)
દૂધમાંહી જિમ ઘૃત વસ્યું રે, વસ્તુમાંહી સામર્થ
તંતુમાંહી જિમ પટ વસ્યો રે, સૂત્રમાંહી જિમ અર્થ–સોભાગી૦(૨)
કંચન પારસ-પહાણમાં રે, ચંદનમાં જિમ વાસ[૫]
પૃથ્વીમાંહી જિમ ઓષધી રે, કાર્યે કારણ વાસ–સોભાગી૦(૩)
જિમ સ્યાદ્વાદે નવ મિલે રે, જિમ ગુણમાં પર્યાય
અરણીમાં પાવક[૬] વસ્યો રે, જિમ લોકે ખટકાય–સોભાગી૦(૪)
તિણપરે તું મુજ ચિત્ત વસ્યો રે, સેના-માત મલ્હાર
જો અ-ભેદ બુદ્ધિ મિલે રે, શ્રી **જ્ઞાનવિમલ**-સુખકાર–સોભાગી૦(૫)

૧. ન જાય તેવો દૃઢ ૨. નાશ ૩. અનુકૂળ ૪. ઝૂકી-ઝૂકી ૫. સુગંધ ૬. અગ્નિ

## કર્તા : શ્રી ભાવવિજયજી મ.

(રાગપ-રજીયો, તુંગિઆગિરિ શિખર સોહે-એ દેશી)

જ્યો સંભવ[1] શંભુ ત્રીજો, જનિત[2]-ભુવનાનંદ રે
શ્રી જિતારી-નરિંદ સુંદર, માત સેના-નંદ રે—જ્યો૦(૧)
વંશ વર ઈક્ષાગ દિનકર, તુરંગ[3] લંછન સાર રે
ચ્યારસેં ધનુ માન સોવન-વાન[4] દેહ ઉદાર રે—જ્યો૦(૨)
નયરી સાવત્થી-નરેસર,દુઃખ-દાવાનળ મેહ રે
સાઠ પૂરવ લાખ જીવિત[5], ભોગવે જિન જેહ રે—જ્યો૦(૩)
ત્રિમુખ સુર દુરિતારી દેવી, જાસ શાસન-દેવ રે
વિઘન ટાળે સંઘ કેરા, કરે પ્રભુની સેવ રે—જ્યો૦(૪)
ભવ-મહોદધિ તરણ-તારણ, સબળ[6] વહાણ સમાન રે
**ભાવમુનિ** શુભ-ભાવ આણી, કરે તસ ગુણ-ગાન રે—જ્યો૦(૫)

૧. સુખને ઉત્પન્ન કરનાર અથવા ભગવાન ૨. ઉપજાવેલ છે જગતને આનંદ જેમણે ૩. ઘોડો ૪. કાંતિ ૫. આયુષ્ય ૬. શ્રેષ્ઠ વહાણ જેવા

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

(રાગ-સિંધુઓ)

સેના[1]-નંદન[2] નંદનવન જિશ્યો, સંભવ સુખદાતાર તારિન રે
શરણે આવ્યો હું સમરથ ભણી રે, મ્હારી દુરગતિ દૂરે નિવાર વારિન રે
સેના-નંદન નંદનવન જિશ્યો રે.(૧)

સોવન-ચંપક વાને સોહામણો રે, સરસ સલૂણો[3] દેહ જેહને રે
નેહ થયો મુજ[4] ચરણે ભેટવા, કેવળ-કમળા ગેહ એહન રે—સોના૦.(૨)

હયવર લંછન કુંઅર જિતારિનો રે, કામિત-સુરવર વેલિ બેલિન[5] રે
વિનય કરે કર જોડી વિનતી રે, ભવ-સાયરની રેલિ[6] કેલિન[7] રે
—સેના૦ (૩)

૧. ત્રીજા તીર્થ કરની માતાનું નામ છે ૨. પુત્ર ૩. સુંદર ૪. મને ૫. વિસ્તારનાર ૬. ભરતી ૭. અટકાવો

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-આસાવરી)

સાહિબ સેવિયે હો, સંભવનાથ જિનંદ
સાવત્થિનગરી ભલી હો, પિતા જિતારિ નરિંદ
લંછન તુરંગમ[1] દીપતો હો, રાની સેના માતા નંદ[2] —સાહિબ૦(૧)
ઉંચપનો ધનુષ પાંચસે હો, મુખ શોભિત રાકાચંદ[3]
સાઠ લાખ પૂરવકી સ્થિતિ[4] હો, દીપત દેહ દિનંદ—સાહિબા૦(૨)
જૈનધરમ પરકાસીયો હો, પ્રભુ મેરો ભવદુખદંદ
હરખચંદ હરખે કરી હો, પ્રણમે પ્રભુ પદ[6]-અરવિંદ —સાહિબ૦(૩)

૧. ઘોડો ૨. પુત્ર ૩. પૂનમનો ચંદ્ર ૪. આયુષ્ય ૫. સૂર્ય ૬. ચરણકમળ

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(એ સખિ અમીય રસાલ કે ચંદો વિષ ઝરે રે—એ દેશી)

શ્રી સંભવજિનરાય કે, મુજ મનમાં વસ્યો રે કે—મુજ૦
દેખી પ્રભુ-મુખનૂર કે, હીયડો ઉલ્લસ્યો રે કે—હિયડો૦
પામ્યો હર્ષ અપાર કે, મનવંછિત ફળ્યો રે કે—મન૦
જગજીવન જિનરાય કે, જો મુજને મિળ્યો રે કે—જો૦....(૧)

પામ્યો આનંદ પૂર કે, દુઃખ દૂરે ગયા રે કે—દુઃખ૦
ભેટયો શ્રી જિનરાય કે, વંછિત સવિ લહ્યા રે કે—વંછિત૦
પામ્યો ભવજલ પાર કે, સાર એ દિન ગણું રે કે—સાર૦
દીઠું જો સુખકાર કે દરિસણ જિનતણું રે કે—દરિ૦....(૨)

ફળિઓ સુરતરૂ બાર[૧] કે સાર એ દિન થયો રે કે—સાર૦
પ્રગટ્યો પુણ્ય પંડૂર[૨] કે પાતિક સવિ ગયો રે કે—પાતિક૦
સીધ્યાં વંછિત કાજ કે આજ એ દિન ભલો રે કે—આજ૦
ભગતવત્સલ ભગવંત કે દીઠો ગુણ નીલો રે કે—દીઠો૦....(૩)

આજ થયો સુકયત્થ[૩] કે જનમ એ માહરો રે કે—જનમ૦
પરમ પાવન દિદાર કે દીઠો તાહરો રે કે—દીઠો૦
પામી નવે નિદ્ધિ સિદ્ધિ કે રિદ્ધિ સવે મિલિ રે કે—રિદ્ધિ૦
દીઠે પ્રભુ દિદાર કે આશ્યા સવિ ફળી રે કે—આશ્યા૦....(૪)

નાઠા માઠા[૪] દૂર કે દુશ્મન જે હતારે કે—દુશ્મન૦
ફિરિય ન આવે તેહ કેતોહે વળી છતારે[૫] કે—તોહે૦
ગયાં સવિ કર્મ કે શર્મ[૬] આવી મળ્યું રે કે—શર્મ૦
ભેટ્યે શ્રી ભગવંત કે વંછિત સવિ ફળ્યું રે કે—વંછિત૦....(૫)

મહિર કરી મહારાજ કે ચરણે રાખિયેં રે કે—ચરણે૦
સેવક તું મુજ એમ કે સુવચન ભાખિયે રે કે—પ્રવચન૦
હોયે વંછિત સિદ્ધિ કે પ્રવચન સાખિયે રે કે—પ્રવચન
અવસર પામી સ્વામી કે દરિશણ દાખિયેં રે કે—દરિશણ૦....(૬)

તુમ્હ સેવાથી સ્વામી કે શિવસુખ ચાખીયે રે કે–શિવ૦
એટલે કોડિ કલ્યાણ કે ઘણું શું ભાખીયે રે કે–ઘણું૦
**જ્ઞાનવિજય** ગુરુશિષ્ય કે પ્રણમેં લળી લળી રે કે–પ્રણમેં
તુહ્મ ચરણાંબુજ સેવ કે હોજો વળી વળી રે કે–હોજો૦....(૭)

૧. બારણામાં ૨. નિર્મળ ઘણું ૩. સફળ ૪. ખરાબ ૫. હાજરીમાં ૬. સુખ

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

### (દેશી–ચોપાઈની)

સંભવ ! સાંભળી મુજ વાત, વિનવિયો વાર છ સાત
જાણીજી તુમૈ જિનરાજ,તુજ રાજઋદ્ધિ સિરતાજ....(૧)
દેખીનઇં દિલ લોભાણો, પ્રભુ ! જાણો વા મતિ જાણો
મુજ મનિ અતિ મહુબતિ[1] વાધી, હું સાધિક[2] પ્રભુ છો સાધી[3]....(૨)
કીયો મઇં માહરી કાંની[4], જયું કંચનસે લૈ વાંની
વાત કહી જૈ કાંઈ[5] કુડી, તે તો નવિલાગઇં રૂડી....(૩)
કારણ[6] સઘલા મેલાયા, કારિજ પરિમાણ ચઢાયા
કીજયો મતિ અયસી[7] કાંઈ, ગુલ[8] બાલકની ભોલાઈ[9]....(૪)
પહલી[10] તો પ્રીતિ વધાવઇ, પછઇં દુરિ રહઇં મન[11] ભાવઇં
મુખિ[12] આગઇ માહરૈં કંઈ, ચિત્ત[13] માહે ચાહૈ કેઈ....(૫)
સ્યું[14] કહિઇં તે વલિ હેજ, જુડિયાં દિલ કીધી જેજ
આંખ્યાંસું અલગો થાવૈ, મન પાછા સું ફિરિ જાવઇ....(૬)

તુમહીનૈ[૧૫] મિલવા આવૈ, લેઈનૈ મુંહ મલકાવઇં
કલિયુગ મંઈ એહવી પ્રીતિ, જુડિયાં દિલકી કહીજૈ વીતિ....(૭)

અરિહંતજી ! ઇમ મતિ આણો, દિન દિન પ્રીતિ અધિકી જાણો
હું આવ્યો છું તુમ પાસ, સાહિબ ! દેજયો સ્યાબાસ[૧૬]....(૮)

સફલી હુવૈ ભવ[૧૭]ફેરી, મૂરતિ દીઠી પ્રભુ ! તેરી
મનમાંહી મનોરથ મોટા, પિણ કરમ કાઠિયા ખોટા....(૯)

ફલ તો કર્મ્માયત્ત[૧૮] સારુ, વાલેસરજી છો વારુ,
પિણ[૧૯]દિસઇં દસા મુજ જાગી, પ્રભુ પાયો તો સોભાગી...(૧૦)

મોટો અરિહંત ! અંતરાય, જો આવું પ્રભુ ! જિનઇં દાય
દેવ ! અવરસું ભાખું સાખ, તોરા[૨૦] વલીઅણ[૨૧] છૈ લાખ...(૧૧)

સુગણાંરી[૨૨] એહ જ સાખ, રાખઇ સુખ મુખ ન દાખ
માહરૈ છે અવિહડ નેહ, પ્રભુ ! રખે દિખાવો છેહ...(૧૨)

પ્રભુજી ! નઈ મોસા[૨૩] લખ, માહરે પ્રભુજનો પખ[૨૪]
કીજયો મતિ કાંઈ કાચી, વાચા માને જયો સાચી...(૧૩)

સઘલી પ્રભુજીનઈ સરમ, કહિવાનો એ છઈ ધરમ
અંતરગતિ પામો સામી, તિણ જાણ અંતરજામી...(૧૪)

ચિત્ત લાયક ! ચરણે લાગા, ભવભવના પાતિક ભાગા
ગુણ ગાસ્યું હું નિસદીસ, પંડિત ઋદ્ધિસાગર સીસ...(૧૫)

પ્રભુ ઋષભનૈ જાણી સરાગી, ભરપૂર કીયો વડભાગી
કીધી[૨૫] કરી લાલચ કેતી, ઓલગ શ્રી **સંભવ** સેતી...(૧૬)

પ્રથમ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ=જિનરાજ છો તે મેં જાણ્યું, તમારી રાજઋદ્ધિ શ્રેષ્ઠ છે.
૧. પ્રેમ ૨. સાધક ૩. સાધ્ય ૪. વાત ૫. ખોટી ૬. બધાં કારણો એક બાજુ મૂક્યા અને કાર્યને પ્રમાણ કરી ચાલ્યા (ચોથી ગાથાનો પૂર્વાર્ધ) ૭. એવી ૮. એવું જ ૯. ભોળપણ ૧૦. પહેલાં તો પ્રીતિ વધારે પછી દૂરે રહે (પાંચમી ગાથાનો પૂર્વાર્ધ)૧૧. મનપસંદ ૧૨. મારા મોં આગળ=સામે ઘણા છે ૧૩. ચિત્તમાં ઘણા ચાહે છે૧૪. શું તે હેજ=પ્રેમ કહેવાય કે જે મળે એટલે ગમ્મત કરે અને આંખી અળગા=દૂરે જાય એટલે મન પાછું ફરી આવે ૧૫. વળી પાછા તમને મળવા આવે, જોઈને મોં મલકાવે આવી પ્રીતિ હોય છે, જોડાયેલા દિલની આ વીતક-કથા છે (૭મી ગાથાનો અર્થ) ૧૬. ધન્યવાદ ૧૭. ભવનું ભ્રમણ ૧૮. કર્માધીન ૧૯. પણ મારી દશા=ભાગ્ય દશા જાગી લાગે છે કે સુંદર એવા પ્રભુ મને મળ્યા (દશમી ગાથાનો ઉત્તરાર્ધ) ૨૦. તમારા ૨૧. ઉપાસક=સેવક ૨૨. ગુણવાન પુરુષોની એ જ શાખ હોય કે તેઓ સેવકને સુખમાં રાખે પણ સુખથી ન દાખે (૧૨મી ગાથાનો પૂર્વાર્ધ) ૨૩. જૂઠું ૨૪. રાગ ૨૫. કહીને લાલચ કેટલી કરવી શ્રી સંભવનાથ પ્રભુની સેવા કરો (૧૬ મી ગાથાનો ઉત્તરાર્ધ)

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

દીન-દયાકર દેવ, સંભવનાથ દીઠો રે
સાકરને સુધાથકી પણ, લાગે મીઠો રે–દીન૦....(૧)

ક્રોધ રહ્યો ચંડાળની પરે, દૂર ધીઠો રે
અજ્ઞાનરૂપ અંધકારનો હવે, વેગ નીઠો રે–દીન૦....(૨)

ભલી પરે ભગવંત ! મુને, ભગતે તૂઠો રે
ઉદય કહે માહરે, આજ દૂધે મેહ વૂઠો રે–દીન૦....(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (કંકણો મોલ લીયો-એ દેશી)

સંભવ ભવ-ભયભંજણો રે—જિનજી ! માંહી[1] નો મદનવિકાર-દિલડે વસી રહ્યો
જનમ થકી પણ જેહનાં રે—જિનજી૦ અનોપમ અતિશય ચ્યાર—દિલ૦..(૧)

પ્રસ્વેદ[2] ન હોયે કદા રે—જિનજી૦ અદ્ભુત રૂપ સુ-વાસ—દિલ૦
કાયા જેહની એહવી રે—જિનજી૦, રોગ ન આવે પાસ—દિલ૦..(૨)

આહાર કો દેખે નહીં રે—જિનજી૦, રુધિર[3] ગો[4]ખીર સમાન—દિલ૦
શ્વાસોશ્વાસ સુખે લહે રે—જિનજી૦, કમળ સુગંધી પ્રધાન—દિલ૦..(૩)

આઠ કરમના નાશથી રે—જિનજી૦, પામી અડગુણ સિદ્ધિ—દિલ૦
સાદિ-અનંતે ભોગવે રે—જિનજી૦, કેવળ-કમળા રિદ્ધિ—દિલ૦..(૪)

જિતારિ-નૃપનંદનો રે—જિનજી૦, અંતર અરિ કરે ઘાત—દિલ૦
તેહમાં કો અચરિજ નહિ રે—જિનજી૦ ઉત્તમ કુળ અવદાત—દિલ૦..(૫)

સુપનમાંહી પણ સાંભરે રે—જિનજી૦, સાહિબરો[5] દીદાર[6]—દિલ૦
પંડિત **ક્ષમાવિજય**તણો રે—જિનજી૦, કહે **જિન** દિલ આધાર—દિલ૦..(૬)

---

૧. અંદર નથી ૨. પરસેવો ૩. લોહી ૪. ગાયના દૂધ ૫. પ્રભુનો ૬. ચહેરો

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (દેશી-હંસલાની)

સુખકારક હો શ્રીસંભવનાથ કે સાથ ગ્રહ્યો મેં તાહરો
સિદ્ધપુરનો[૨] હો પ્રભુ ! સારથવાહ કે, ભવ અટવીનો ભયહરો.....(૧)
હું ભમિયો હો મોહવશ મહારાજ કે, ગહન અનાદિ-નિગોદમાં
કીધાં પુદ્‌ગલ હો પરાવર્ત્ત અનંત કે, મહા-મૂઢતા-નિંદમાં.....(૨)
તિરિ-ગઈમાં હો ! અસન્નિ એગિંદિ કે, વેદ નપુંસક નેંવનાં
આવ[૩]લીના હો ! અસંખ્ય મેં ભાગ કે, સમ પુગ્ગલ પરાવર્ત્તના.....(૩)
સૂક્ષમમાં હો ! સામાન્યે સ્વામી કે, ભૂ-જલ-જલણ-પવન-વને
ઉત્સર્પ્પિણી હો ! અસંખ્યાતા લોગ કે, નભ-પરદેશ સમા મિણે.....(૪)
ઓઘે બાદર હો ! બાદર-વનમાંહી કે, અંગુલ અસંખ્ય-ભાગે મિતા
અવસર્પ્પિણી હો ! સુહુમ-ઈતર અનંત કે, અઢી પુગ્ગલ-પરિઅત્તતા....(૫)
હવે બાદર હો પુઢવી[૫] ને નીરકે[૬], અનલ[૭] અનિલ[૮] પત્તેયતરૂ[૯]
નિગોદમાં હો ! સુણી તારક દેવ કે, સિત્તેર કોડાકોડિ સાગરૂં.....(૬)
વિગલેંદિ હો ! માંહી સંખ્યાત કે, સહસ વરસ જીવન રૂળ્યો
પંચેંદ્રિ હો ! તિરિનર ભવ આઠ કે, આઠ કરમ કચરે[૧૦] કળ્યો૦.....(૭)
નારક સુર હો ! એક ભવ અરિહંત કે, વિણ અંતર સાંભરપાં
કહું કેતી હો ! જાણો જગદીશ કે, કર્મ્મ[૧૧] કદર્થન જીવને૦.....(૮)
ચઉદ ભેદ હો ! ચઉદરાજ મઝાર કે ચોરાશી લખ-જોનિમાં
ભ્રમ[૧૨]-રસિયો હો ! વસિયો બહુ બેશ કે,ભવપરિણતિ-તતિગહનમાં૦.....(૯)
અશુદ્ધતા હો ! થઈ અશુદ્ધ-નિમિત્ત કે, શુદ્ધ નિમિત્તે તેટલે,
તે માટે હો ! સર્વજ્ઞ અ-મોહ કે, તુમ્હ સંગે ચેતન હિલે૦...(૧૦)

નિજ સત્તા હો ! ભાસન રૂચિ રંગ કે, **ક્ષમાવિજય** ગુરૂથી લહી,
**જિનવિજય** હો ! પારગ[14] ! તુમ્હ સેવ કે, સાધન[15]—ભાવે સંગ્રહીo...(૧૧)

---

૧. સહારો ૨. મોક્ષ નગરનો ૩. આવલીના અસંખ્યાતમા ભાગના જેટલા સમય તેટલા પુદ્ગલ પરાવર્ત હું ભટક્યો (ત્રીજી ગાથાનો ઉત્તરાર્ધ) ૪. લોકાકાશના પ્રદેશ જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી (ચોથી ગાથાનો ઉત્તરાર્ધ) ૫. પૃથ્વીકાય ૬. અપકાય ૭. તેઉકાય ૮. વાયુકાય ૯. પ્રત્યેક વનસ્પતિકાય ૧૦. ખૂંચ્યો ૧૧. પીડા ૧૨. ભ્રમણા-અજ્ઞાન દશાનો રસિયો ૧૩. સંસારનો પરિણતિના વિસ્તારરૂપ જંગલમાં ૧૪. હે પારગામી ૧૫. કારણરૂપે

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

**(લાવજ્યો લાવજ્યોને રાજ ! મહારાજ ! થારો મોતી)**

સેવો સંભવનાથ જુગતે બે કર જોડી
ચોસઠ સુરપતિ પદયુગ[1] જેહના, પ્રણમે હોડાહોડિ
સમવસરણ મન-રંગે સેવે, સુર નર કોડાકોડિ—સેવોo....(૧)
દેશના વચન સુધારસ ચાખે, ભવિજન મત્સર મોડી[2]
નયણાનંદી પ્રભુ-મુખ નિરખે, મિથ્યા[3] ભ્રમ વિછોડી[4]—સેવોo....(૨)
અજર અમર સમતારસ ભાવી, મમતા-બંધન છોડી
પ્રભુ-સેવાથી શિવ-પદ પામી, જેહમાં નહિ કોઈ ખોડિ—સેવોo....(૩)
માનવ-ભવનો લાહો લેવો સુમતિ કરી સંઘોડી[5]
એક-મના ભવિ જિન આરાધો, દેવ દયાકર દોડી—સેવોo....(૪)
હંસના સાહેબ પાસે હેજે, ઈમ માગું કર જોડી
પદ-પંકજની સેવા દીજે, ભવ-ભવનાં દુખ ત્રોડી—સેવોo....(૫)

---

૧. બે ચરણ ૨. છોડી ૩. ખોટો ભ્રમ ૪. છોડી ૫. સહચારી

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

**(આઘા આમ પધારો-એ દેશી)**

સમકિતદાતા સમકિત આપો, મન માંગે થઈ મીઠું
છતિ[1] વસ્તુ દેતાં શ્યું શોચો, મીઠું જે સહુએ દીઠું
પ્યારા પ્રાણથકી છો રાજ ! સંભવ-જિનજી ! મુજને,
ઈમ મત જાણો જે આપે લહીએ, તે લાધું શું લેવું
પણ પરમારથ પ્રીછી[2] આપે તેહ જ કહીયેં દેવું—પ્યારા૦.....(૧)

અર્થી[3] હું તું અર્થ[4]-સમર્પક, ઈમ મત કરજ્યો હાંસું,
પ્રગટ હતું તુજને પણ પહિલાં, એ હાંસાનું પાસું, —પ્યારા૦.....(૨)

પરમ પુરૂષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઈમ પ્રભુતાઈ[5]
તેણે રૂપે તુમને એ ભજીયેં, તિણે તુમ હાથ વડાઈ —પ્યારા૦....(૩)

તુમે સ્વામી હું સેવાકામી, મુજ રે સ્વામી નિવાજે[6]
નહિ તો હઠ માંડી માંગતાં કિણવિધ સેવક લાજે—પ્યારા૦.....(૪)

જોતે[7] જોતિ મિળે મત પ્રીછો, કુણ લહસે ? કુણ ભજશે ?
સાચી ભક્તિ તે હંસતણી પરે, ખીર નીર નય કરશે—પ્યા૦.....(૫)

ઓળગ[8] કીધી જે લેખે[9] આવી, ચરણ-ભેટ પ્રભુ દીધી
**રૂપ**-વિબુધનો **મોહન** પભણે, રસના પાવન કીધી—પ્યારા૦.....(૬)

---

૧. વિદ્યમાન ૨. ઓળખાવી આપે ૩. યાચક ૪. વસ્તુને આપનાર ૫. મોટાઈ
૬. પ્રસન્ન થાય ૭. જ્યોતિમાં જ્યોતિ મળ્યે થકે ૮. સેવા ૯. સફળ

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (મુજરો લેજો જાલિમ જાટડી-એ દેશી)

મુજરો લ્યોને માહરો, સાહિબ ગિરૂઆ ગરીબનિવાજ[1],
અવસર પામીજી એહવો, અજર[2] ન કરશોજી આજ—મુ૦(૧)
તરૂ આપે ફળફૂલડાં, જળ આપે જલધાર
આપ[3]-સવારથ કો નહીં, કેવળ પરઉપગાર—મુ૦(૨)
તિમ પ્રભુ જગજન તારવા, તેં લીધો અવતાર,
માહરી વેળાજી એવડો, એ છે કવણ વિચાર—મુ૦(૩)
ખિજમતગાર[4] હું તાહરો, ખામી ન કરૂંજી કોઈ,
બિરૂદ સંભાળી આપણો, હિતની નજરેજી જોઈ—મુ૦(૪)
સંભવ સાહિબ ! માહરા, તું મુજ મળિયોજી ઈશ,
વાચક **વિમલવિજય** તણો, **રામ** કહે શુભ શિષ્ય—મુ૦(૫)

૧. ગરીબોને સંભાળનારા ૨. વિલંબ ૩. પોતાના સ્વાર્થ માટે નહીં ૪. સેવક

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (તુંને ગોકુલ બોલાવે કાન ! ગોવિંદ ગોરી રે-એ દેશી)

મુને સંભવ જિનશ્યું પ્રીત, અવિહડ[1] લાગી રે
કાંઈ દેખત પ્રભુ મુખઃ ચંદ, ભાવઠ[2] ભાગી રે....(૧)
જિન સેના-નંદન[3] દેવ, દિલડે વસીયો રે
પ્રભુ-ચરણ નમે કર જોડ, અનુભવ-રસીયો રે....(૨)
તોરી ધનુ[4]સય-ચ્યાર પ્રમાણ, ઊંચી કાયા રે
મનમોહન કંચનવાન, લાગી તોરી માયા રે....(૩)

પ્રભુ રાયજિતારિ[૫]-નંદ નયણે દીઠો રે
સાવત્થીપુર-શણગાર, લાગે મુને મીઠો રે....(૪)
પ્રભુ બ્રહ્મચારી ભગવાન, નામ સુણાવે રે
પણ મુગતિવધૂ વશી-મંત્ર, પાઠ ભણાવે રે....(૫)
મુજ રઢ[૬] લાગી મનમાંહે, તુજ ગુણ કેરી રે
નહિ તુજ મૂરતિને તોલ[૭], સૂરત[૮] ભલેરી[૯] રે....(૬)
જિન ! મહેર કરી ભગવાન, વાન[૧૦] વધારો રે
**શ્રીસુમતિવિજય** ગુરુ-શિષ્ય, દિલમાં ધારો રે....(૭)

૧. ન જાય તેવી ૨. ભટકવાનું ૩. પુત્ર ૪. ચારસો ધનુષ્ય પ્રમાણ ૫. પુત્ર ૬. ગાઢ પ્રીતિ ૭. જેવી ૮. ચહેરો ૯. સુંદર ૧૦. ઉત્સાહ

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

**(હાં રે કાંઈ યોવનિયાનો લટકો દહાડા ચાર જો-એ દેશી)**

હાં રે ! પ્રભુ ! સંભવસ્વામી ત્રીજા શ્રી જગનાથ જો,
લાગી રે તુજથી દઢ ધર્મની પ્રીતડી રે લો,
હાં રે ! પ્રભુ ! સરસ સુકોમળ સુરતરૂ દીધી બાથ જો,
જાણ્યું રે સે ભૂખે લીધી સુખડી રે લો૦....(૧)
હાં રે ! પ્રભુ ! સકળ ગુણે કરી ગિરૂઓ તું હી જ એક જો,
દીઠો રે મન-મીઠો ઈઠો[૧] રાજીઓ રે લો,
હાં રે ! પ્રભુ ! તુજશ્યું મિલતાં સાચો મુજશ્યું વિવેક જો,
હું તો રે ધણીઆતો થઈને ગાજીઓ રે લો૦....(૨)
હાં રે ! પ્રભુ ! નહિ છે માહરે હવે કેહની પરવાહ જો,
જોતાં રે સાહી[૨] મુજ હેજે બાંહડી રે લો,

હાં રે ! પ્રભુ ! તુજ પાસેથી અળગો ન રહું નાહજો,
દોડે રે કુણ તાવડ[૩] છાંડી છાંહડીરે[૪] લો૦....(૩)
હાં રે ! પ્રભુ ! ભાગ્યે લહીયેં તુજ સરીખાનો સંગ જો,
આણે રે જમવા રે ફિરીફિરી દોહિલો રે લો,
હાં રે ! પ્રભુ ! જોતિ મનોહર ચિંતામણિનો નંગ જો,
જોતાં રે કિમે નહીં જગમાં સોહિલો રે લો૦....(૪)
હાં રે ! પ્રભુ ! ઉતારો મત ચિતડાથી નિજ દાસ જો,
ચિંતા રે ચૂરંતાં પ્રભુ ! ન કરો ગઈ રે લો
હાં રે ! પ્રભુ ! **પ્રેમ** વધારણ **કાંતિ** તણી અરદાસ જો,
ગણતાં રે પોતાનો સવિ લેખે થઈ રે લો૦....(૫)

૧. વ્હાલો ૨. પકડો ૩. તડકો ૪. છાંયડો

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

**(દ્વારિકામાં રાજ કરે રણછોડ-એ દેશી)**

સંભવજિન મનમંદિર તેડી, સકળ દેવ શિર[૧] મોડી
ભાવ પૂજા નિત કરો કર જોડી
શમરસ ગંગા-જળ નવરાવો, ભાવ તણિ નહિ ખોડી–ભા૦
ભક્તિરાગ કેશર થઈ સુખડ, ઓરસીઓ મન મોડી–ભા૦
ધ્યાન સુગંધ-કુસુમેં પૂજો, ટાળી નિજ મન દોડી–ભાવ૦
ધૂપ રૂપ જિનકો ઘટ વાસો, દૂર ટળે દુઃખ જોડી–ભાવ૦
મહાનંદ ઘૃત મન વર્તિ,[૨] ભક્તિ થાળમાં છોડી–ભાવ૦
જ્ઞાનપ્રદીપ જગાવી જો તે, આરાત્રિક કર જોડી–ભાવ૦

ઇણિપરે પૂજા કરી જિનજીકી, કાઢે મિથ્યા ઓડી—ભાવ૦
ન્યાયસાગર પ્રભુ સુયશ મહોદય, વાધે હોડાહોડી—ભાવ૦

૧. શિરોમણિ ૨. વાટ

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (સુણો મેરી સજની રજની ન જાવે રે-એ દેશી; રાગ કેદારો)

સંભવ-જિનવર શિવસુખ દાતા રે, ભૂપ જિતારિ સેના મા તારે
હય-લંછન કંચનવાન કાયા રે, જેહને નામે નવનિધિ પાયા રે.....(૧)

ભવભય ભંજે મંજે રે, ત્રિભુવન-મહિમા જાસ અગંજે રે
સજ્જન-જનનાં મનમાં રંજે રે, હિતકર ભવિનેં હેતુ પ્રયુંજે રે.....(૨)

પદમ સરોવર તે રહો દૂરે રે, પણ તસ[1] મારૂત તાપને ચૂરે રે
પણ તુમ ધ્યાને કામિત પૂરે રે, ભક્તિ કરેવા કહો કુણ સૂરે રે.....(૩)

અંજલિમાં જિમ જળ નવિ થહરેં રે, તિમ ભવસંચિત પાતિક વારે રે
પ્રભુ ! તુમ કરૂણારસની ધાર રે, સીંચ્યો સેવક હોયેં સુખકાર રે.....(૪)

ચરણ તુમ્હારે શરણે રાખો રે, સાચો સેવક મુજને દાખો રે
તો મુજ સીધ્યાં સઘળાં કાજ રે, ન્યાયસાગર પ્રભુ મહિમા વિરાજે રે.....(૫)

૧. પવન

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (શાંતિજિન એક મુજ વિનતિ-એ દેશી)

સંભવજિનવર સુખકરૂ, સાગર ત્રીસ લાખ કોડિ રે
અજિત-સંભવ વચેં આંતરૂં, જગતમાં જાસ નહિ જોડિ રે—સં૦(૧)
ફાગુણ સુદિ તણી આઠમે, જેહનું ચ્યવન-કલ્યાણ રે
માગશિર સુદિની ચૌદસેં નિપનો જનમ જિનભાણ રે—સં૦(૨)
કનક વરણે તજી કામિની, લીધો સંયમભાર રે
પૂરણિમા માગશિર માસની, ઘર તજી થયા અણગાર રે—સં૦(૩)
ચ્યારસેં ધનુષની દેહડી, કાતી વદ પાંચમે નાણ રે
લોક-અલોક ખટ દ્રવ્ય જે, પરતક્ષ નામ પરમાણ રે—સં૦(૪)
ચઈતર સુદ પાંચમે શિવ વર્યા, સાઠ લાખ પૂર્વનું આય રે
તાસ ઉત્તમ પદ-**પદ્મ**ની, સેવાથી સુખ થાય રે—સં૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (આવો મુજ મનમંદિર-એ દેશી)

ક્યું જાનું ક્યું બની આવહિ, શ્રીસંભવ જિનરાજ હો મિત્ત !
તુજ-મુજ અંતર મોટકો, કિમ ભાજે તે આજ—હો ? મિત્ત !—ક્યું૦(૧)
મુજ પ્રવર્તન જેહ છે, તે ભવવૃદ્ધિનું હેત-હો ! મિત્ત !
હું કર્તા કર્મજ તણો, કરિયેં તે કર્મ ચેત હો ! મિત્ત !—ક્યું૦(૨)
જીવ-ઘાતાદિ કારણે કરી, કરણ કારક ઈમ હોય-હો ! મિત્ત !
અક્ષય પંચ પોષક સદા, કારક સંપયાણ જોય—હો ! મિત્ત ! ક્યું૦(૩)

ઈમ મનુજનો ભવ ભમ્યો, હારીને સુણજે સ્વામી-હો ! મિત્ત !
નરક-નિગોદ વિષે ગયો, ખટ કારક મુજ નામ-હો ! મિત્ત ! ક્યું૦(૪)
તે વિપરીત એ સાધીયા, તું કરતા શિવ ઠાણ-હો ! મિત્ત !
કરિયેં તે કારક કર્મ છે, શુભ સેવન કરણેણ—હો ! મિત્ત ! ક્યું૦(૫)
દેઈ ઉપદેશ ભવિ-લોકને, દીધો કર્મને ત્રાસ—હો ! મિત્ત !
કર્મથકી અલગો થયો, સિદ્ધિ વિષે ગયો ખાસ—હો ! મિત્ત ! ક્યું૦(૬)
ઈમ તુજ-મુજ અંતર પડ્યો, કિમ ભાજે ભગવંત ?—હો ! મિત્ત !
પણ જાણું તાહરી પરે, સાધતાં ભાજશે તંત—હો ! મિત્ત ! ક્યું૦(૭)
તપ કર્તા નિજ આત્મનો, ભોક્તા પણ તસ થાય—હો ! મિત્ત !
તુજ-મુજ અંતર સવિ ટળે, સવિ માંગલિક બની આય —હો ! મિત્ત ! ક્યું૦(૮)
અજરામર તસ સુખ હોયેં, વિલસે અનંતી રિદ્ધિ-હો ! મિત્ત !
**ઉત્તમ** ગુરુસેવા લહે, **પદ્મવિજય** ઈમ સિદ્ધિ—હો ! મિત્ત ! ક્યું૦(૯)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

**(અજિતજિન તારજ્યો રે-એ દેશી)**

નિરૂપાધિકતા તાહરે રે, પ્રભુરમણતા તાહરે અનંત
વ્યાપ વ્યાપકતા શુદ્ધતા રે, સદા શુભ ગુણ વિલસંત
સંભવજિન ! તારજ્યો રે, તારજ્યો દીનદયાળ-સં૦
સેવક કરો નિહાલ-સંભવ, તાહરો છે વિસવાસ-સં૦
તું મોટો મહારાજ-સંભવ, તું જીવ જીવન આધાર-સં૦
પરમગુરૂ તારજ્યો રે, ઉતારો ભવપાર-સં૦(૧)

દ્રવ્ય રહિત રુદ્ધિવંત છો રે, પ્રભુ વિકસિત વીર્ય અક્ષોભ
વિગત કષાય વયરી હણ્યો રે, અભિરામી જ્યોતિ અલોભ–સં૦(૨)

ગુરૂ નહીં ત્રિભુવન ગુરૂ રે, તારક દેવાધિદેવ
કર્ત્તા ભોક્તા સર્વનો રે, સહજ આણંદ નિત મેવ–સં૦(૩)

અનંત અક્ષય અધ્યાતમી રે, પ્રભુ અશરીરી અનાહાર
સર્વશક્તિ નિરાવરણતા રે, અતુલ દ્યુતિ અનાકાર–સં૦(૪)

નિરાગી નિરામયી રે, અસંગી તું દ્રવ્યનય એક
એક સમયમાં તાહરે રે, ગુણ-પર્યાય અનેક–સં૦(૫)

રૂચિર ચારૂ ગુણ સાંભળી રે, રૂચિ ઉપની સુખકંદ
પુષ્ટ કારણ જિન ! તું લહી રે, સાધક સાધ્ય અમંદ–સં૦(૬)

પુષ્ટાલંબન આદરી રે, ચેતન કરો ગુણગ્રામ
પરમાનંદ સ્વરૂપથી રે, લહશ્યો સમાધિ સુઠામ–સં૦(૭)

સુખસાગર સત્તારસી રે, ત્રિભુવનગુરૂ અધિરાજ
સેવક નિજ પદ અરથીઓ રે, ધ્યાવો એહ મહારાજ–સં૦(૮)

આરોવિત સુખ ભ્રમ ટળે રે, પૂજયને ધ્યાન પ્રભાવ
અષ્ટ કરમ દળ છંડીને રે, ભોગવે શુદ્ધ સ્વભાવ–સં૦(૯)

અધ્યાતમ રૂપી ભજયો રે, ગણ્યો નહીં કાજ અકાજ
કૃપા કરી પ્રભુ દિજીયે રે, **સૌભાગ્ય લક્ષ્મી** પદ રાજ–સં૦(૧૦)

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

સંભવજિન ! અવધારીયે, સેવકની અરદાસો રે
તું જિનજી સોહામણો, પુણ્યે પામ્યો ખાસો રે—સં૦(૧)
જિતારિ-કુલ ચંદલો, સેના માત મલ્હારો રે
મન-વંછિત પ્રભુ પૂરણો, અશ્વ-લંછન સુખકારો રે—સં૦(૨)
સાવત્થી નયરી ભલી, જિહો જનમ્યા શ્રી જિનરાયો રે
ધાનના સંભવ નિપન્યા, તેણે સંભવ નામ ઠરાયો રે—સં૦(૩)
દુરિતારી શાસનસુરી, યક્ષ ત્રિમુખ સેવે પાયો રે
સંઘના વંછિત પૂરવે, વળી સંકટ દૂર પલાયો રે—સં૦(૪)
નામે નવનિધિ સંપજે, ઘરે કમળા પૂરે વાસો રે
ઋદ્ધિ સિદ્ધિ **કીર્તિ** ઘણી, તુમ્હ ધ્યાને શિવ-સુખવાસો રે—સં૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

સંભવ-જિનવર સ્વામીજી, ઓળગડી અવધાર-પ્રભુજી
મહેર નજરશું નિરખીએ, તો હુએ ચિત્ત કરાર-પ્રભુજી.સં૦(૧)
દોલતીયા દીદારની, ચાકરની ચિત્ત કોડી-પ્રભુજી
ચિત્ત વિમાસી દીજતી, લાગે કો નહીં ખોડ-પ્રભુજી.સં૦(૨)
ભગવંત આગલ ભગતીથી, બાલક બોલે બોલ-પ્રભુજી
પ્રતિપાલક બાલક તણા, તેહનો બોલ અમોલ-પ્રભુજી.સં૦(૩)
શુકલ પખીનો ચંદ્રમા, નિતનિત નવલે તેજ-પ્રભુજી
નિરખી હરખ ધરી ઉગતે, સાગરને વળી હેજ-પ્રભુજી.સં૦(૪)
સેવકને નિજ વાતનો, **દાન** દીયો સુખ શાત-પ્રભુજી
ઓલગ સ્થિર ચિત્ત રાખ્યો, **વિમલ** મને એહ વાત-પ્રભુજી.સં૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

(લુંગાંકી લકડી જાનું ગંઠિગંઠિલી લાલન ગંઠિલી-એ દેશી)

વંદો ભવિકા સંભવનાથ જિણંદા
જિતારિ-નરવર વંસે ઉગ્યો દિણંદા-લાલન ઉગ્યો.
માત સેના દેવી ઉદરી અવતરિયા,
કરમ ખપાવી પ્રભુ ભવજળ તરિયા-લાલન ભવજળ૦....(૧)
અનોપમ સાહિબ તોરી સેવા મેં પામી,
તો લહી વંછિત સુખ સંપદ સ્વામી-લાલન સંપદ૦
તાહરો દરિશણ જિનજી લાગે છે પ્યારો,
એકવાર મોહિ નેહ નિજરે નિહાળો-લાલન નિજરે૦....(૨)
જિમ દિનકર ઉગ્યે કમળ વિકાસે,
તિમ તુમ દીઠે મોરૂં મનડું હીંસે;-લાલન મનડું૦
તુમે નિરોગી માહરા મનડાના રાગી૦
તુમશું પુરવ ભવની પ્રીતડી જાગી-લાલન પ્રીતડી૦....(૩)
તું મેરો દિલકો જાની તુંહી છે જ્ઞાની,
માહરા પ્રભુજી તાહરી અકળ કહાની;-લાલન અકળ૦
અકળ-સરૂપ નિરંજન કહીયે,
તાહરી આણ સદા શિર વહીયે-લાલન સદા૦....(૪)
વાહાલ ધરી સાહિબ ચાકરી કીજે,
તો મન મનાવ્યા વિણ કિમ રીઝે-લાલન વિણ૦
પંડિત **મેરૂવિજય** ગુરૂ ચરણે,
સેવક **વિનીત** કહે રાખો શરણે લાલન–રાખો૦....(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-કાફી)

લાગી મોરી પ્રીત - પ્રભુજીસોં - લાગી૦
એસી બની જિનજી મોહે તોસો, જ્યૌ જલમીન પ્રતીત–પ્રભુ૦.....(૧)
ઘરી-ઘરી પલ-પલ તું ચિત આવે, જ્યૌં મન રાઘવ-સીત
લગન લગી મોરી ક્યૌં કર છૂટે, ચંદ-ચકોરસી રીત–પ્ર૦.....(૨)
દિલ બિચારી પ્રભુ ? તુમ ગુણયારી, જ્યૌં ચાતુક-ઘન ચિત્ત
પરસોં[૧] તોરી[૨] મેં તુમસેં જોરી, માલતી-મધુકર મિત્ત–પ્ર૦.....(૩)
યા બિધ પ્રીત ભઈ તુમસે, કહા કહું કરી ગીત
અપનો મન શ્રીસંભવજિનની, તારિએ **અમૃત** પતિત–પ્ર૦.....(૪)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(કીસકે બે ચેલે ને કીસકે બે પૂત-એ દેશી)

સંભવ [૧]જિનવર ત્રીજો દેવ, ત્રિવિધે પ્રણમું નિતમેવ–સાહિબ સુંદરૂ૦
સાવથ્થીનગરી[૨] સુલતાન[૧], ચમકે દેહી પચંપકવાન[૩]–સાહિબ૦॥૧॥
ભૂપ જીતારિકે[૪] તનુજાત[૨], સેના[૫] રાણી છે જસ માત;–સાહિબ૦
હય[૬]લંછન લાગત જિન પાય, નામે દોહગ દારિદ્ર જાય–સાહિબ૦॥૨॥
આયુ[૭] પૂરવ ષષ્ટિલક્ષ, સેવે પદ યુગ ત્રિમુખ[૮] જક્ષ;–સાહિબ૦
દુરિતારિ[૯] દેવી ગુણ ધામ, દૂર કરી સવિ દુષ્કૃત નામ–સાહિબ૦॥૩॥
ઉંચપણે[૧૦] ધનુષ શત ચ્યાર, એક[૧૧] શત ઉપર દો ગણધાર;–સાહિબ૦
મુનિવર[૧૨] બે લખ જાસ ઉદાર, સાધવી[૧૩] લખ ત્રિ છત્રીશ હજાર–સાહિબ૦॥૪॥

અ-કલ સરૂપી એહ અનંત, વંદો ભવિકા એ ભગવંત; -સાહિબ૦
**પ્રમોદસાગર** પ્રભુ ચરણે લીન, જિમ જલનિરતિ પામિ મીન સાહિબ૦ ।।૫।।

૧. રાજા ૨. ચંપકના ફૂલ જેવી પીળી

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (ફૂલના ચોસર પ્રભુજીને શિર ચડે-દેશી)

શ્રીસંભવજિનદેવની સેવના, દેવ-દનુજ માનવના ઇંદરે
નિજ નિજ વૃંદે સંયુત નિતુ કરે, ધરે બહુ આદર ભક્તિ અમંદરે
સેવો ભવિકા ! સંભવ જિનવરૂં...।।૧।।

અણ હુંતે એક કોડી અમરવરા, રાત દિવસ સેવક રહે પાસે રે ।
ભાષે તત્ત્વ જિનેશ્વર તે સુણી, શુભ વાસન આતમ અધિવાસે રે
—સેવો૦।।૨।।

તજી વિરોધ મૃગાદિક પશુપતિ, જગપતિ જોતાં બહુ દિશિ ધાવે રે ।
માનવ તો પ્રભુ આગમ-કથકને, કંચન કોડી દેઈ વધાવે રે—સેવો૦।।૩।।

ઇણિપેરે ત્રણ ભુવનના ભવ્ય જે, સર્વ અહં પૂર્વક મન ભાવે રે ।
સેવા અવસર બહુ માને ઘણું, એહવો પૂજાતિશય સોહાવે રે—સેવો૦ ।।૪।।

હરિહર બ્રહ્માદિક દૂરે તજો, ભજો એક અવિનાશી અવિકાર રે ।
**વાઘજી** મુનિનો **ભાણ** કહે મુદા, પ્રભુ-સેવાથી શિવસુખ સાર રે—સેવો૦ ।।૫।।

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

શ્રીસંભવ ભવ-ભયહરૂરે, જગજીવન જિનઆધાર-અંતરજામી રે ।
જેહનું મુખ દીઠાં થકાં, સુખ પામે ભવિક અપાર-અંતરજામી રે...॥૧॥
આંખડી કમળની પાંખડી, વળી [૧]વદન શરદનો ચંદ;—અંતર૦ ।
વાણી મીઠી જિનતણી, સાંભળતાં થાય આનંદ—અંતર૦...॥૨॥
[૨]અર્ધશશિ [૩]ભાલ વિરાજતો, અધર પ્રવાળી જેમ—અંતર૦ ।
[૪]દશન [૫]છબિ હીરા જિશી તે દેખ્યાં વાધે પ્રેમ—અંતર૦...॥૩॥
અ-મળ અ-રોગ શુચિ સદા, વળી અદ્‌ભુત દેહ-સુવાસ-અંતર૦ ।
શુભલક્ષણ જે જગતમાં, તે સહુ છે તાહરી પાસ—અંતર૦...॥૪॥
અનુપમ ઉપમ તાહરે, કહો દીજે કેણી રીત-અંતર૦ ।
શ્રી **અખયચંદ સૂરીશનો, ખુશાલ** નમે એક ચિત્ત—અંતર૦...॥૫॥

૧. મુખ ૨. આઠમનો ચંદ્ર ૩. કમળ ૪. દાંત ૫. કાંતિ

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (અરણિક મુનિવર—એ દેશી)

સંભવસ્વામીરે સ્વામી જગધણી, કરો કૃપા દયાળજી ।
ચ્યાર પદારથ પદ તે અનુભવે, જિમ જાએ પાપ પાયાળજી—સં૦॥૧॥
ચરણે રૂપીરે અરૂપીતાપણે બે પક્ષે સુવિચારો જી ।
તે જગ જીવેરે જીવ્યું જાણીયે, સફળ કરે અવતારોજી—સં૦॥૨॥
અરથ અગોચર ગોચર કો નહીં, જગદાયક જિન ધારેજી ।
એક-એક ભેદે રે રસ નવિ ઉપજે, દોય મિળ્યા સુખ સારેજી—સં૦॥૩॥

બહુ નર બુદ્ધિ રે બુદ્ધે આગળા, કરતા આપ વખાણજી ।
ખેલાખેલેરે રંગેશું રમે, અવર તે પરિમાણજી—સં૦॥૪॥
જસ પદ-સેવા રે ઇંદ્રાદિક કરે, તસ સેવામાં હું લીનજી ।
નવલ રસ ભોગી રે [1]દિનકર તેજથી, તે જસ ચતુર આધીનજી—સં૦॥૫॥

૧. સૂર્ય

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (ધણરા ઢોળા)

શ્રી સંભવ જિનરાજજી રે, તાહરૂં અ-કલ સ્વરૂપ-જિનવર પૂજો ।
સ્વ-પરપ્રકાશક[1]-દિનમણિ રે, સમતા-રસનો ભૂપ-જિન૦-
પૂજો પૂજો રે ભવિક ! જિન પૂજો ! પ્રભુ પૂજ્યા પરમાનંદ—જિન૦......॥૧॥

અ[2]-વિસંવાદ નિમિત્ત છો રે, જગજંતુ-સુખ કાજ-જિન૦ ।
હેતુ-સત્ય બહુમાનથી રે, જિન સેવ્યાં શિવરાજ—જિન૦......॥૨॥

ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ—જિન૦ ।
ઉપાદાન-કારણ પણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ—જિન૦.....॥૩॥

કાર્યગુણ-કારણપણે રે, કારણ-કાર્ય અનૂપ-જિન૦ ।
સકળ સિદ્ધતા તાહરી રે, માહરે સાધન રૂપ-જિન૦......॥૪॥

એક વાર-પ્રભુ-વંદનારે, આગમ રીતે થાય—જિન૦ ।
કારણ-સત્યે કાર્યનીરે, સિદ્ધિ-પ્રતીત કરાય—જિન૦.....॥૫॥

પ્રભુપણે પ્રભુ ઓલખી રે, અ-મલ વિ-મલ ગુણ ગેહ-જિન૦ ।
સાધ્ય-દૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન નર તેહ—જિન૦.....॥૬।

જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફળ પણ તાસ–જિન૦ ।
જગત-શરણ જિન-ચરણને રે, વંદે ધરીય ઉલ્લાસ–જિન૦......॥૭॥
નિજ-સત્તા નિજ-ભાવથી રે, ગુણ અનંતનો ઠાણ–જિન૦ ।
**દેવચંદ્ર** જિનરાજજી રે, શુદ્ધ સિદ્ધ-સુખ ખાણ–જિન૦.....॥૮॥

૧. સૂર્ય ૨. સચોટ

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે-એ દેશી)

સુગુણ સનેહી ! સાંભળ વિનતિ રે, સંભવ સાહિબ ! બહુ સુખદાય રે ।
ઓલગ કીજે અહોનિશ તાહરી રે, લેખે [1]વાસર લાયક ! થાય રે –સુ૦ ॥૧॥

તારક બિરૂદ એ છે જો તાહ રે, તારો [2]કરમીને [3]કિરતાર રે ।
સાચ-મના છો સંભવનાથજી રે, સેવશે આવી સહુ સંસાર રે–સુ૦ ॥૨॥

ઉત્તર કરશો મુઝને એહવો રે, ગુણનો રાગી છું ગુણવંત રે ।
જુગતો જોગ હુએ વહી જાણશું રે, સૂધો આણીને અતિ [4]ગુણસંત રે–સુ૦ ॥૩॥

એહવું જાણી જન એકમના થઈ રે, પ્રેમશું પ્રણમો પ્રભુના પાય રે ।
અંતર-દાઝ ઓલાશે આપથી રે, ખિજમત કરીએ ખરી મહારાય રે –સુ૦ ॥૪॥

આલસ અરતિ અલગી ટાળીને રે, ધરિયે ધ્યાન કરી દઢચિત્ત રે ।
**જીવણવિજયે** જય-લચ્છી વરી રે, મળિયો જો મેલું સાહેબ ચિત્ત રે –સુ૦ ॥૫॥

૧. સફળ ૨. પાપી ૩. હે પ્રભુ ! ૪. ગુણવાન

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

(માહરો મુજરો લ્યો ને નાથ)

સંભવ ! ભવ-દુઃખ-વારણ તારણ, સુખકારણ તું સાચો ।
[૧]તોશું નેહ કીયો મેં તેહવો, જેહવો હીરો [૨]જાચો,
પ્રભુજી ! નેહ બન્યો તુમ સાથ, નિરવહવો તુમ હાથે...।।૧।।

પર-વાદી-વચને પણ તુમશુ, નેહ ન ટલે તિલ માત ।
ભાંજયો પણ હીરો કિમ ભાંજે ? સહી [૩]સબલ [૩] ઘણઘાત–પ્રભુ૦...।।૨।।

સાચા સાજન સોના-સરીખા, પાય વખત પ્રમાણ ।
લોક-વચન મન આણી છોડે, સૂધો તે અ-જાણ–પ્રભુ૦..।।૩।।

અંતર-મન મળિયો જિન-સાથે, ગુણ દેખીને [૫]ગાઢો ।
આતમ-હિતકર તે કિમ તજિયે ? કહો [૬]ઉન્હો કોઈ [૭]ટાઢો–પ્રભુ૦...।।૪।।

[૮]નિબિડ-નેહ જે જિનવર સાથે, તે સમકિત કહેવાય ।
**દાનવિજય-પ્રભુ-ચરણ-પસાયે**, નિત નિત મંગળ થાય–પ્રભુ૦...।।૫।।

---

૧. તારી સાથે ૨. સાચો ૩. જોરદાર ૪. ઘણના પ્રહારથી ૫. ખૂબ ૬. ઊંચું ૭. નીચું ૮. ગાઢ

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (અજિત જિણંદશું પ્રીતડી-એ દેશી)

ભવતારણ સંભવ પ્રભુ ! નિત નમીએ હો ! નવ નવ ધરી ભાવ કે,
નવ-રસ નાટક નાચીએ, વળી રાચીયે હો !
પૂજા કરી ચાવ કે-સેના-નંદન વંદીયે.॥૧॥

દુઃખ-દોહગ દૂરે કરે, ઉપગારી હો ! મહી મહિમાવંત કે ।
ભગવંત ભક્ત-વચ્છલ ભલો, સાંઈ દીઠે હો !
તન - મન વિકસંત કે – સેના૦.॥૨॥

અપરાધી તેં ઉદ્ધર્યા, હવે કરીએ હો ! તેહની કેહી કેહી વાત કે ।
મુજ વેળા આળસ ધરે, કિમ વિણસી હો !
જિનજી ? તુમ[1] ઘાત કે—સેના૦.॥૩॥

ઉભા ઓળગ કીજીએ, વલી લીજીએ હો ! નિત પ્રત્યે તુમ નામ કે ।
તો પણ મુજરો નવિ લીઓ, કેતા દિન હો ।
ઈમ રહે મન ઠામ ? કે—સેના૦.॥૪॥

ઈમ જાણીને કીજીયે, જગ-ઠાકર હો ! ચાકર પ્રતિપાળ કે ।
તું દુઃખ-તાપને ટાળવા, જયવંતો હો !
પ્રભુ ! **મેઘ** વિશાળ કે—સેના૦.॥૫॥

---

૧. ઉમંગ-ઊર્મિ

## કર્તા : શ્રી કેસરવિમલજી મ.

### (ઋષભ જિણંદા ઋષભ જિણંદા-એ દેશી)

સેવો સંભવ-જિન ! સુખકારી, એહી જ સાહિબ જગ જયકારી ।
મૂરતિ જેહની મોહનગારી, દેખત દુરગતિ દૂર નિવારી—સેવો૦॥૧॥
નિત આરાહે જે નર-નારી, સાચી ભક્તિ હૈયે અવધારી ।
તસ ઘર લચ્છી ત્રિભુવન-કેરી, નિશદિન નિવસે આવી ઘણેરી—સેવો૦॥૨॥
સેના માતા તાત જિતારિ, [૧]હય-લંછન સોહે મનોહારી ।
નિરમલ-કેવલ-કમલા ધારી, શિવ-રમણી દીયે ભવ[૨] જળ તારી—સેવો૦॥૩॥
સુણ સાહિબ ! મનમાં અવધારી, મહેર કરો મુજ હેત વધારી ।
કહે **કેસર** તુમશું એક તારી, દિન-દિન દેજો સેવા સારી—સેવે૦॥૪॥

૧. ઘોડો ૨. સંસાર સમુદ્ર

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (મારી સહી રે સમાણી-એ દેશી)

સંભવજિન ! તુમ્હસ્યું લય લાગી ! ચિત્ત [૧]પ્રભુ-પય-અનુરાગી રે—જિનજી સુખકારી
પ્રેમઇં પ્રીતિ અખંડિત જાગી, ભય ભાવઠ સબ ભાગી રે—જિનજી સુખકારી
હું જાનુ તુમ્હ બલિહારી રે -જિનજી સુખકારી..॥૧॥
મુજ મન મોહ્યું તુઝ મુખ-મટકઇ, લાગી [૨]લાલ ત્રિલોચન લટકઇ રે—જિ.સુ.
અનોપમ ત્રિભુવન મોહઇ, સુંદર સૂરતિ સોહઇ રે —જિનજી સુખકારી..॥૨॥
લાગ્યો રંગ [૩]અભંગ [૪] કરારી, હું તન ધન મન જાઓ વારી રે—જિ.સુ.
આણી મન માંહઇ [૫]એક-તારી, કીજઇ સેવા સારી રે—જિ.સુ..॥૩॥

દરસન દીઠઇ હુઇ આનંદ, પ્રભુ મોહન વલ્લી કંદ રે—જિનજી સુખકારી ।
અલવેસર આતમ-આધાર, ગિરુઓ ગુણ-ભંડાર રે—જિ.સુ.।।૪।।
**વૃદ્ધિવિજય** કવિરાજનો સીસ, માંગઇ એ બગસીસ રે—જિનજી સુખકારી ।
**કનકવિજય** કહઇ કરૂણા આણી, દીજઈ અવિચલ-પદ ગુણ ખાણી રે
—જિનજી સુખકારી ।।૫।।

૧. પ્રભુજીના ચરણોનો ૨. લાલચ ૩. ટૂટે નહીં તેવો ૪. દૃઢ ૫. એકાગ્રતા

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (ગુણવંતાનૈ ગુણ ચઢૈ)

સંભવ-સાહિબ મારો, હું તાહરો હો ! સેવક સિરદાર કિ ।
મહેર કરી મુજ ઉપરે, ઉતારો હો ! ભવ-સાયર-પાર કિ—સં૦ ।।૧।।
[1]આનન અદ્‌ભુત [2]ચંદલે, તેં મોહ્યોં હો ! મુજ નયણ-ચકોર કિ ।
મનડું મિલવા તુમહેં, પ્રભુજીસ્યું હો ! જિમ મેહાં મોર કિ—સં૦ ।।૨।।
હું નિ-ગુણો પણ તારીએ, ગુણ-અવગુણ હો ! મત આણો ચિત્ત કિ ।
બાંહ્ય ગહ્યાં નિરવાહીએ, સુ-સનેહી હો ! સયણાંની રીત કિ—સં૦ ।।૩।।
સાર સંસારે તાહરી, પ્રભુ-સેવા હો ! સુખદાયક દેવ કિ ।
દિલ ધરી દરસણ દીજીએ, તુમ ઓલગ હો ! કીજીયેં નિત્યમેવ કિ—સં૦ ।।૪।।
ચોતીસ અતિશય સુંદરુ, [3]પુરંદર હો ! સેવે ચિત લાય કિ ।
**રૂચિર** પ્રભુજી પય સેવતા, સુખ-સંપત્તિ હો ! અતિ આણંદ થાય કિ—સં૦ ।।૫।।

૧. મુખ ૨. ચંદ્ર ઉપર ૩. ઈંદ્ર

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (રાગ હમરાની)

સંભવ-જિનસ્યું ચિત્ત વસ્યું, લાગી લોકોત્તર-પ્રીતિ-રંગીલે !
પુણ્ય-દલાલ પાસે રહી, મેલવ્યો ત્રિભુવન મીત-રંગીલે! સં૦.॥૧॥
સૂતાં સંભવ-જિનસ્યું, હિંડતાં સંભવ નામ-રંગીલે !
બઇઠતાં ઊઠતાં સંભવ, સંભવ કરતાં કામ - રંગીલે ! સં૦.॥૨॥
લોક ગણે [1]ગહિલો થયો, હું ગણું ગહિલો લોક-રંગીલે !
પરમેસર શ્યું [2]આશકી, [3]રિંગા ન જાણઈ [4]થોક-રંગીલે ! સં૦.॥૩॥
હું મતવાલો નાથનો, બે-પરવાહી દાસ-રંગીલે !
આશ ધરું એક નાથની, ચરણ-સેવાની પ્યાસ-રંગીલે ! સં૦.॥૪॥
આગમ-પંથઇ ચાલતાં, ગુણીશ્યું ધરતા રાગ-રંગીલે !
**શ્રીભાવપ્રભસૂરિ** કહે, પામીઇ જગિ સોભાગ-રંગીલે ! સં૦.॥૫॥

૧. ઘેલો ૨. ગાઢ પ્રીતિ ૩. અજ્ઞાનમૂઢ ૪. ઘણા

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

### (સંભવ જિનવર વિનતી-એ દેશી)

સંભવ-જિન અવધારીઇં, સેવકની અરદાસો રે ।
તું જિનજી સોહામણો, પુણ્યે પામ્યો ખાસો રે–સં૦..॥૧॥
જિતારિ-કુલ-ચંદલો, સેના-માત મલ્હારો રે ।
મન-વંછિત પ્રભુ પૂરણો, અશ્વ-લંછન સુખકારો રે–સં૦..॥૨॥
સાવથ્થી નયરી ભલી, જિહાં જનમ્યા શ્રી જિનરાયો રે ।
ધાન્યના સંભવ નિપન્યા, તેણિ સંભવ નામ ઠરાયો રે–સં૦..॥૩॥

દુરિતારિ શાસન સુરી, યક્ષ ત્રિમુખ સેવઇં પાયો રે ।
સંઘના વંછિત પૂરવઇં, વલી સંકટ દૂરિ પલાયો રે—સં૦..।।૪।।
નામિ નવનિધિ સંપજઇં, ઘરિ કમલા પૂરઇં વાસો રે ।
ઋદ્ધિ-સિદ્ધિ **કીર્તિ** ઘણી, તુમ્હ ધ્યાને શિવ-સુખ-વાસો રે—સં૦..।।૫।।

## કર્તા શ્રી રતનવિજયજી મ.

### (અષ્ટાપદ-ગિરિ જાત્રા કરણકું-એ દેશી)

સંભવ જિનવર સાહિબ સાચો, જે છે પરમ-દયાલ ।
કરૂણા-નિધિ જગમાંહિ મોટો, મોહન ગુણ-મણિ-માલ;
ભવિયાં ! ભાવ ધરીને લાલ ! શ્રી જિન સેવા કીજે ।
દુરમતિ દૂર કરીને લાલ ! નરભવ સફલો કીજે...।।૧।।

એહ જગત-ગુરૂ જુગતે સેવો, ષટ-કાયા-પ્રતિપાળ ।
દ્રવ્ય-ભાવ-પરિણતિ કરી નિરમલ, પૂજો થઈ ઉજમાલ-ભવિયાં૦....।।૨।।

કેશર ચંદન મૃગમદ ભેળી, અરચો જિનવર-અંગ ।
દ્રવ્ય-પૂજા તે ભાવનું કારણ, કીજે અનુભવ રંગ-ભવિયાં૦...।।૩।।

નાટક કરતાં રાવણ પામ્યો, તીર્થંકર-પદ સાર ।
દેવપાલાદિક જિન-પદ ધ્યાતાં, પ્રભુ-પદ લહ્યું શ્રીકાર-ભવિયાં૦...।।૪।।

વીતરાગ-પૂજાથી આતમ, પરમાતમ પદ પાવે,
અ-જ અ-ક્ષય-સુખ જિહાં શાશ્વતાં, રૂપાતીત સ્વભાવે—ભવિયાં...।।૫।।

અ-જર અ-મર અ-વિનાશી કહીયે, પૂરણાનંદ જે પામ્યા ।
લોકા-લોક-સ્વભાવ-વિભાસક, ચઉ-ગતિનાં દુઃખ વામ્યાં—ભવિયાં...।।૬।।

એહવા જિનનું ધ્યાન કરંતા, લહીયે સુખ નિરવાણ ।
જિન-ઉત્તમ પદને અવલંબી, **રતન** લહે ગુણખાણ—ભવિયાં૦.....॥૭॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

**(ઉંચાં તે અંબાવજીનાં માલીયાં રે—એ દેશી)**

સંભવનાથ સોહામણા રે, શરણાગત-પ્રતિપાલ રે—રાજ ! ।
લળી લળી લાગું પાયલે રે, સાહિબ ! નિજર નિહાલ રે—રાજ !......॥૧॥

મુજરો જિનેસર ! માનજ્યો રે, માતા સેના નંદ રે—રાજ ! ।
ચાહે નયન-ચકોરડાં રે, તુઝ મુખ શારદ ચંદ રે-રાજ ! મુજરો૦.....॥૨॥

આજ સફલ દિન માહરો રે, દીઠો દેવ દયાલ રે,—રાજ ! ।
દુઃખ નાઠો સવિ દેહનો રે, મીટો અમીઅ રસાલ રે-રાજ ! મુજરો૦.....॥૩॥

મન માન્યાની પ્રીતડી રે, છેં જગમઇ જિનરાય રે-રાજ ! ।
એક દીઠઇ દિલ [1]ઉલટાઇ રે, એક દીઠઇ ઉલાસ રે-રાજ ! મુજરો૦.....॥૪॥

મૂરતિ તોરી મન વસી રે, સૂરતિ કે મનોહાર રે-રાજ ! ।
વલી વલી લેઉ ઓવરણાં રે, તીન ભુવન શિણગાર રે-રાજ ! મુજરો૦.....॥૫॥

રંગ લાગો જિનરૂપશું રે, જેહવો ચોલ મજીઠ રે-રાજ ! ।
**માણેક મુનિ** ઈમ વિનવઇ રે, સુખ હોવઇ તુમ દીઠ રે-રાજ ! મુજરો૦.....॥૬॥

---

૧. ફરી જાય

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

(ટેકરી રહી રે સહેર તરૂઅરકે મેદાન-એ દેશી)

સુવિહિત કારીરે શ્રી સંભવ જિનરાય,
સહજ સલૂણો રે સાચો શિવ સુખદાય,
વિમલવાહન નામે મુનિરાય, શમ-સંવેગે ચિત્ત લગાય-
—વીસ થાનક સેવી નિરમાય।
જિન નામ બાંધ્યું રે આતમ વીર્ય સહાય,
અંતિમ ત્રિકેરે સાતમે ગ્રૈવેયકે થાય-
[1]સુખમાં ત્યાગી રે ચવી નરલોકમેં આય—સુવિ૦...॥૧॥
ધર્યો સાવત્થીમાં અવતાર, મૃગશિરે જન્મ્યા જગદાધાર
રૂપેં હરાયો રતિ [2]ભરતાર, દેવગણ જોનિ રે અહિ યોનિ હરનાર,
મિથુન વરરાશિ રે ત્રિભુવન પ્રાણ આધાર,
મોહનગારો રે જન-મન-રંજન હાર—સુવિ૦....॥૨॥
અવધિ જ્ઞાને જોવે સુ-વિનીત, ભોગં કરમ ખીણ જાણી મીત।
વરસીદાન જગત સુ-પ્રતીત, અવસર જોઈરે મલિયા સુરવર [3]જીત।
નિયનિય સાધે રે દીક્ષા મહોચ્છવ રીત,
જિન ગુણ ગાવે રે સુરનર-વધૂ એક ચિત્ત—સુવિ૦...॥૩॥

સંજમ લેઈ જિન વિચરંત, સમભાવેં રતિ-અરતિ ગણંત ।
બાર વરસ છદ્મસ્થ ધરંત, ધ્યાનની શ્રેણી રે કર્મરિપુ પ્રજલંત ॥
સાલ વૃક્ષ હેઠે રે કેવલ-લચ્છી વરંત,
સહુ જીવ કેરારે મનોગત ભાવ લહંત—સુવિ૦...॥૪॥
મુનિવર સહસ સંઘાતે સ્વામ, ચઢિયા સમેત શિખર શુભ ઠામ ।
[૪]ખેરવી ગોત્ર-કરમ તિમ નામ, સિદ્ધિ ગતિ પામ્યા રે, અનંત-ચતુષ્ટય તામ,
અ-જ અવિનાશી રે શિવ વાસી અભિરામ,
**દીપ** કહે પ્રાણી રે કરો જિન ભક્તિ ઉદ્દામ—સુવિ૦॥૫॥

---

૧. સુખ સાહ્યબી ૨. રતિનો ધણી=કામદેવ ૩. કલ્પ-આચાર ૪. દૂર કરી

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

સાવત્થી રે નગરી (૧) સંભવ મગસિરઇં (૨)
સેણા ઉદરિરે (૩) [૧]ઉવરિમહિ તુમ અવતરઇ (૪)
હય અંકઇ રે (૫) મિહુણ રાસિ (૬) કંચણ તણું (૭)
પૂરવ લખ રે સાઠિ આઉ (૮) ચઉસય ધણું (૯) ॥૧૪॥
સિઅ દેહ તીસઇ લાખ સાગર કોડિય । અંતર અજિત-સંભવ હં,
(૧૦) સેવઇ તિમુહ બે કર જોડિય (૧૧) ।
દો લક્ખ સાહુ (૧૨) છત્તીસ સહસા સાહુણી તિગ લાખુય

(૧૩) દુગ લખ ત્ર્યાણું સહસ સદા (૧૪) સાલ તરૂવર દાખુંએ (૧૫) ॥૧૫॥

દુઈ ઉત્તર રે ગણહર સય (૧૬) સાવત્થિઈ,
વય (૧૭) છઠઈ (૧૮) રે કેવલ વલી તિહાં ભાવિઈ (૧૯) ।
છગ લક્ખા રે, સહસ છતીસ મણોહરું,
વરસાવિઅ રે બારહ વ્રત ઘરસુખ કઈ (૨૦) ॥૧૬॥

સુખ કરુ નિત દુરિયારિ દેવી કરઈ જાસુ પ્રશંસુય (૨૧)
વિજિતારિવાર જિતારિ નૃપતિ વિમલ કુલ અવતંસુય (૨૨) ।
પારણ કરાયું એક ચિત્તાહૂ સુરિંદ દત્રાઈ સામિનઈં (૨૩),
સમેત શિખરઈ મુગતિ પામી ચૈત્ર સુદિ પંચમી દિનઈ (૨૪) ॥૧૭॥

---

૧. નવમા ગ્રૈવેયકનું નામ, ઉવરિમ નામના વિમાનથી

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (રાજા જો મિલે-એ દેશી)

સંભવ સુખકર ત્રીજા દેવ, જેહની સુર-નર સારે સેવ-જિન વંદીઇં ।
અંતરગત જિન દરસી દેવ, જાણે જીવ તણા સવિ [1]ભેવ–જિન૦..॥૧॥
શિવ-ગતિ સમરણ કીજે નિત, સેના-સુત ધ્યાવો નિજ ચિત્ત-જિન૦ ।
અતિશય અરજિત વર્જિત પાપ, સમતા ગુણ ટાલે ભવ-તાપ–જિન૦..॥૨॥
ભવ-જલ-તારણ ભુવન-પ્રદીપ, નેહશું રહઇં નિત્ય સમીપ–જિન૦ ।
ક્ષમા વિનય ઋજુતા સંતોષ, ધારીનેં કીજેં ગુણનો પોષ–જિન૦..॥૩॥
તપ-સંજમ સત્ય શૌચ વિશેષ, અ-કંચન બ્રહ્મચર્ય અશેષ–જિન૦ ।
પાલી દશવિધ-ધર્મનો સાથ, ટાલી કર્મ તર્યો ભવ-[2]પાથ–જિન૦..॥૪॥
પુત્ર જિતારિ પુત્ર ભવાંત, પામ્યાં શિવ-રમણી સુખકાંત-જિન૦ ।
પુણ્ય પૂરા તે નરભવ લધ, સ્વામી-ભજન કરી કરો શુદ્ધ–જિન૦..॥૫॥
ધરમ અરથ કામ એ તીન વર્ગ, સાધનથી લહઇં અપવર્ગ-જિન૦ ।
**સૌભાગ્યચંદ્ર** મુનીન્દ્ર સુ-શીસ, સ્વરૂપચંદ્ર નમેં જગદીશ–જિન૦..॥૬॥

---

૧. અંતરની વાત ૨. દરિયો

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

સાહિબ ! સાંભળો રે ! સંભવ ! અરજ અમારી,
ભવો-ભવ હું ભમ્યો રે, ન લહી સેવા તુમારી ।
નરક-નિગોદમાં રે તિહાં હું બહુ-ભવ ભમિયો,
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહો નિશ ક્રોધે ધમધમિયો–સાહિબ૦॥૧॥

ઇંદ્રિય-વશ પડ્યો રે, પાલ્યાં વ્રત નવિ સૂંસે[1],
ત્રસ પણ નવિ ગણ્યા રે, હણિયા થાવર [2]હુંશે ।
વ્રત ચિત્ત નવિ ધર્યાં રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, તિહાં મેં હઇડલું ખોલ્યું–સાહિબ૦॥૨॥

ચોરી મેં કરી રે, [3]ચઉવિહ અદત્ત ન ટાલ્યું,
શ્રીજિન-આણશું રે, મેં નવિ સજમ પાલ્યું ।
[4]મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસના-લાલચે રે, નીરસ-[5]પિંડ ઉવેખ્યો–સાહિબ૦॥૩॥

નરભવ દોહિલો રે, પામી મોહ-વશ પડિયો,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ અડિયો ।
કામ ન કો સર્યાં રે, પાપે [6]પિંડ મેં ભરીઓ,
સૂધ-બુધ નવિ રહી રે, તેણ નવિ આતમ તરીઓ–સાહિબ૦॥૪॥

લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી,
તો પણ નવિ મલી રે મલી તો નવિ રહી રાખી ।
જે જન અભિલષે રે, તે તો તેહથી નાશે,
તૃણ-સમ જે ગણે રે, તેહની નિત રહે પાસે–સાહિબ૦॥૫॥
ધન ધન તે નરા રે, એહનો મોહ વિછોડી-
વિષય નિવારીને રે, એહને ધર્મમાં જોડી ।
અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિભોજન કીધાં-
વ્રત નવિ પાળિયાં રે, જેહવાં મૂળથી લીધાં–સાહિબ૦॥૬॥
અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મલીયો-
તુમ વિના કોણ દિયે રે, બોધિ-રયણ મુજ બલિયો ।
સંભવ ! આપજો રે ચરણ-કમલ તુમ સેવા-
**નય** એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા !–સાહિબ૦॥૭॥

૧. ખંત રાખી ૨. હોંશથી ૩. સ્વામી અદત્ત, તીર્થંકર અદત્ત, જીવ અદત્ત, ગુરુ અદત્ત ૪. ભમરો ૫. આહાર ૬. શરીર

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-વેલાઉલ અહિયા)

સાર જગ શ્રીજિનનામ સંસાર—શ્રી૦ ।
શ્રીજિન-નામ તેં વંછિત પાવે, રિદ્ધિ સિદ્ધિ નિધિ વિસ્તાર—સાર૦॥૧॥
[1]ધર ચિત્ત ભાઉ ? દાઉ હૈ નીકો, લહી માનવ અવતાર ।
મેરી વિભાવ-દશાકી પરિણતિ, જિન-સુમિરન ચિતધાર-સાર૦॥૨॥
શ્રીજિનનામ-ભજન તેં ભવિજન, બહુત-જન ઉતરે પાર ।
**ગુણવિલાસ** સંભવજિન જપી લે, સુખ આનંદ જયકાર—સા૦॥૩॥

---

૧. હે ભાઈ ! સારો દાવ છે એ ચિત્તમાં ધાર ! (બીજી ગાથાની પ્રથમ લીટીનો અર્થ)

## કર્તા : શ્રી જગજીવનજી મ.

સકલ સુરાસુર-[1]સંકર, કિંકર જસ નરરાયાજી ।
સંભવ સમ્યક્ શિવ-સુખ-દાયક. લાયક જિન મન ભાયા
-સંભવ સ્વામીજી ॥૧॥

ભવ-ભય-ભંજન [2]અઘ-મલ-મંજન, ગંજન અરિદલ કર્મજી ।
જ્ઞાન-દિવાકર જગત-પ્રભાકર, ધારક જગમાં ધર્મ
-સંભવ સ્વામીજી ॥૨॥

પતિત-ઉધ્ધારણ ભવોદધિ-તારણ, કારણ તું જિન પાયોજી ।
દીનદયાલ [3]મયાલ કૃપાનિધિ, ધ્યાન ધરી મન ધ્યાયો
-સંભવ સ્વામીજી ।।૩।।

તું [4]વિધિ તું [5]બુધ તું આદેસર, પુરસોતમ પદ રામીજી ।
ઈત્યાદિક ભવિ નામ જપંતા, પરમ મુગતિગતિ પામી
-સંભવ સ્વામીજી ।।૪।।

પ્રભુ ગુણ ગરુડ તણો રવ સુણિનેં, [6]દુરિત પન્નગ ભય નાસેજી ।
સૈન્ય ચતુરવિધિ નાવેં અરઘે, ગંધહસ્તિને પાસે
-સંભવ સ્વામીજી ।।૫।।

નગરી સાવથ્થી નરપતિ નિરૂપમ, જીતારિ જસ ધારીજી ।
સોના ઉર આયુ વિવેકથી, ત્રિભુવન-જીવ-હિતકારી
-સંભવ સ્વામીજી ।।૬।।

દીવ બંદર દયાનિધિ દાની, સંઘ સકલ સુખકારીજી ।
સંવત અઢાર મુનિ આસો માસે, ગણિ જગજીવનજયકારી
-સંભવ સ્વામીજી ।।૭।।

---

૧. સમુદ્ર ૨. પાપરૂપ મેલને દૂર કરનાર ૩. કૃપાળુ ૪. બ્રહ્મા ૫. બુદ્ધ ૬. પાપ રૂપ સાપ. મદોન્મત હાથી પાસે ચતુર્વિધ સૈન્ય પણ ગણતરીમાં નહીં તેમ પ્રભુગુણ આગળ બધા નિષ્ફળ (પાંચમી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ).

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ-ગોડી)

અબ મોહે આપણો પદ દીજે । કરૂણા-સાગર કરૂણા કરકે,
નિજ ભગતકી અરજ સુણી જે—અબ૦...॥૧॥

તુમ હો ! નાથ ! અ-નાથ કે [1]પીહર, અપણેં ભવથેં તારીજે ।
તુમ સાહિબ હું ફિરૂં ઉદાસી, પ્રભુકી પ્રભુતા કયા કીજે ?—અબ૦.....॥૨॥

તુમ હો ! ચતુર ચતુર્ગતિ કે દુઃખ, મેટો અબ સેવક હિત કીજે,
કહે **જિનહર્ષ** સંભવ જિનનાયક । દાસ નિવાજી જગત જસ લીજે
—અબ૦.....॥૩॥

---

૧. રક્ષક

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(રાગ-ગોડી)

સંભવ જિન જબ નયન મિલ્યો હો ॥
પ્રગટે પૂરવ પુણ્ય કે અંકુર, તબથેં દિન મોહી સફલ વલ્યો હો ।
અંગનમેં અમિય-મેહ વૂઠે, જન્મ-તાપકો [1]વ્યાપ ગલ્યો હો !—સં૦॥૧॥

જૈસી ભક્તિ તૈસી પ્રભુ કરૂના, શ્વેત શંખમેં દૂધ ભલ્યો હો ।
દરશનથેં નવનિધિ મેં પાઈ, દુઃખ-દોહગ સવિ દૂર ટલ્યો હો !—સં૦॥૨॥

ડરત ફિરત હે દૂર હી દિલથેં, મોહમલ્લ[૨] જિણે જગત્રય છલ્યો હો !—સં૦॥૩॥

સમકિત રતન લહું દરિસણ થે, અબ નવિ જાઉં કુગતિ રૂલ્યો હો !—સં૦॥૪॥

નેહ નજર-ભર નિરખતહી મુઝ, પ્રભુશું હિયડો હેજ હલ્યો હો ।
શ્રી **નયવિજય** વિબુધ સેવકકું, સાહિબ સુરતરૂ હોઈ ફલ્યો હો !—સં૦॥૫॥

---

૧. ફેલાવો ૨. જે મોહરાજાએ

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

### (હાં રે મારે ઠામ ધરમના-એ દેશી)

હાં રે ! પ્રભુ ! સંભવસ્વામી ત્રીજા શ્રી જગનાથજો,
લાગી રે તુજથી દૃઢ ધર્મની પ્રીતડી રે લો ।
હાં રે ! સરસ સુકોમળ સુરતરૂ દીધી બાથજો,
જાણું રે એ ભૂખે લીધી સુખડી રે લો...॥૧॥

હાં રે સકલ-ગુણે કરી ગિરૂઓ તું હી જ એક જો,
દીઠો રે મન-મીઠો [૧]ઈઠો રાજીઓ રે લો ।
હાં રે તુજશું મિલતાં સાચો મુજશું વિવેક જો,
હું તો રે ધણિયાતો થઈને ગાજીઓ રે લો....॥૨॥

હાં રે નહિ છે માહરે હવે કેહની પરવાહજો,
જોતાં રે [૨]સાહી મુજ હેજે બાંહડી રે લો ।


હાં રે તુજ પાસેથી અળગો ન રહું નાહ ! જો
દોડે રે કુણ તાવડે [3]છાંડી છાંયડી રે લો...।।૩।।

હાં રે ! ભાગ્યે લહીયે તુજ સરીખાનો સંગ જો,
આણે રે જમવા રે ફિરી ફિરી દોહિલો રે લો ।
હાં રે ! જોતિ-મનોહર ચિંતામણિનો નંગ જો,
જોતાં રે કિમે નહીં જગમાં સોહિલો રે લો...।।૪।।

હાં રે ! ઉતારો મત ચિતડાથી નિજ દાસ જો,
ચિંતા ન ચૂરંતાં પ્રભુ ! ઇજ્જત જશે રે લો ।
હાં રે ! પ્રેમ વધારણ **કાંતિ** તણી અરદાસ જો,
ગણતાં રે પોતાનો સવિ લેખે થશે રે લો...।।૫।।

---

૧. ઇષ્ટ=વહાલો ૨. પકડી ૩. છોડી



# શ્રી સંભવનાથ ભગવાનની થોય


## શ્રી પદ્મવિજયજી કૃત થોય

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા,
ષટ્ જીવન ત્રાતા, આપતા સુખશાતા;
માતા ને ભ્રાતા, કેવલ જ્ઞાન જ્ઞાતા,
દુઃખ દોહગ ત્રાતા, જાસ નામે પલાતા.

## શ્રી વીરવિજયજી કૃત થોય

સંભવ સ્વામી સેવીએ, ધન્ય સજ્જન દીહા;
જિન ગુણ માળા ગાવતાં, ધન્ય તેહની જીહા;
વયણ સુગંગ તરંગમાં, ન્હાતાં શિવ ગેહી;
ત્રિમુખસુર દુરિતારીકા, શુભ વીર સ્નેહી....॥૧॥





## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી સંભવનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : જીતારી | માતાનું નામ | : સેના |
| જન્મ સ્થળ | : સાવથ્થી | જન્મ નક્ષત્ર | : મૃગસીર |
| જન્મ રાશી | : મીથુન | આયુનું પ્રમાણ | : ૬૦ લાખ પુર્વ |
| શરીરનું માપ | : ૪૦૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ વર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | [illegible] | [illegible] સાધુ |
| છદમસ્થ કાળ | : ૧૪ વ[illegible] | [illegible] | [illegible] વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૧૦૨ | [illegible] | [illegible]થી |
| સાધુઓની સંખ્યા | : ૨૦૦૦૦૦ | [illegible] | [illegible]૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨૯૩૦૦૦ | શ્રાવિકાની સંખ્યા | : ૬૩૬૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : ત્રિમુખ યક્ષ | અધિષ્ઠાયક યક્ષિણી | : દુરિતારી દેવી |
| પ્રથમ ગણધરનું નામ | : ચારૂ | પ્રથમ આર્યાનું નામ | : શ્યામા |
| મોક્ષ આસન | : કાયોત્સર્ગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : ફાગણ સુદિ ૮ | જન્મ કલ્યાણક | : માગશર સુદિ ૧૪ |
| દીક્ષા કલ્યાણક | : માગશરસુદિ૧૫ | કેવલજ્ઞાન કલ્યાણક | : આસો વદિ ૫ |
| મોક્ષ કલ્યાણક | : ચૈત્ર સુદિ ૫ | મોક્ષ સ્થાન | : સમેતશીખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩